RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 274 Dt. 26-1-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

**આજે ૨૬મીએ કાર્યાલય રજા પાળશે**

આજે ૨૬મી જાન્યુઆરીને ગણતંત્રના દિને 'રાજકોટ મિરર' કાર્યાલય રજા પાળશે. તા.૨૭ નો અંક પ્રસિધ્ધ થશે નહીં જેની સુજ્ઞ વાચકો અને વિજ્ઞાપનકારોએ નોંધ લેવી. તા.૨૮નો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. - તંત્રી

# ત્રણ બાળકો પેદા કરવા હિંદુઓને આહવાન

## મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવા જાગરણ અભિયાન શરૂ કરાશે, વકફ બોર્ડ સુધારા કાયદાને સમર્થન મહાકુંભ મેળામાં વિશ્વ હિન્દુ પરિષદની કેન્દ્રીય માર્ગદર્શક બોર્ડની મળી બેઠક



પ્રયાગરાજ, તા.૨૫

મહાકુંભ મેળામાં વિશ્વ હિન્દુ પરિષદની કેન્દ્રીય માર્ગદર્શક બોર્ડની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં દેશના અગ્રણી સંતોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં હિન્દુ સમાજની ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં દેશભરના હિન્દુ મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવા માટે એક જાગરણ અભિયાન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ અભિયાન આંધ્રપ્રદેશના વિજયવાડાથી શરૂ થયું છે. સંતોએ માંગ કરી હતી કે તમામ મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવામાં આવે, સરકારી નિયંત્રણ સ્થાપિત કરતા કાયદાઓ રદ કરવામાં આવે અને મંદિરોનું સંચાલન શ્રદ્ધા ધરાવતા ભક્તોને સોંપવામાં આવે.

ઘટતા જન્મ દર અને વસ્તીમાં અસંતુલનને ધ્યાનમાં રાખીને, માર્ગદર્શક મંડળે હિન્દુ પરિવારોને ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવા માટે આહવાન કર્યું હતું, જેથી વસ્તીનું સંતુલન જળવાઈ રહે. બેઠકમાં વકફ બોર્ડની અમર્યાદિત સત્તાઓને નિયંત્રિત કરવા માટે કાયદામાં સુધારાને પણ સમર્થન આપવામાં આવ્યું હતું અને આ કાયદો તાત્કાલિક પસાર કરવાની માંગ કરવામાં આવી હતી.

**બેઠકમાં આચાર્ય અવધેશાનંદ ગિરી, આચાર્ય મહામંડલેશ્વર વિશોકાનંદની અધ્યક્ષતા, વીએચપી કેન્દ્રીય અધ્યક્ષ આલોકકુમાર, કેન્દ્રીય મહાસચિવ બજરંગ લાલ બાગરા વગેરે રહ્યા હાજર**

માર્ગદર્શક મંડળે ૧૯૮૪ની ધર્મ સંસદના નિર્ણયનો પુનરોચ્ચાર કર્યો હતો કે સંત સમાજ, હિન્દુ સમાજ, વિશ્વ હિન્દુ પરિષદ અને સંઘ અયોધ્યા, મથુરા અને કાશીમાં ત્રણ મંદિરોની પ્રાપ્તિ માટે કાર્યરત રહેશે. સંતોએ સમાજને સામાજિક સમરસતા, પર્યાવરણની રક્ષા, પારિવારિક જ્ઞાન દ્વારા હિન્દુ મૂલ્યોના સંસ્કાર અને રાષ્ટ્રીય ચારિત્ર્યના વિકાસ માટે આગળ આવવા માટે પ્રેરિત કર્યા હતા.

આ બેઠકમાં આચાર્ય અવધેશાનંદ ગિરી, આચાર્ય મહામંડલેશ્વર વિશોકાનંદની અધ્યક્ષતા, વીએચપી કેન્દ્રીય અધ્યક્ષ આલોકકુમાર, કેન્દ્રીય મહાસચિવ બજરંગ લાલ બાગરા વગેરે અગ્રણી રૂપે હાજર રહ્યા હતા. આ નિર્ણયો હિન્દુ સમાજ અને ધાર્મિક બાબતો પર દૂરગામી અસર કરી શકે છે.

વિશ્વ હિન્દુ પરિષદના મહાસચિવ બજરંગ લાલ બાંગરાએ સનાતન બોર્ડના સ્વરૂપ અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે સનાતન બોર્ડ કેવું હશે, તેની રચના કોણ કરશે, તેમાં કોણ સભ્યો હશે, તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી. તેમણે મીડિયામાં આવેલા અહેવાલોનો ઉલ્લેખ કરતા કહ્યું કે જો કોઈ સત્તાવાર દરખાસ્ત આવશે તો તેની પર ચર્ચા કરવામાં આવશે.

વીએચપીનું સ્પષ્ટ માનવું છે કે મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવા અત્યંત જરૂરી છે. પરંતુ, મુક્ત થયા પછી મંદિરોનું સંચાલન કોઈ બોર્ડ દ્વારા નહીં, પરંતુ જે તે મંદિરના પોતાના ટ્રસ્ટ દ્વારા જ થવું જોઈએ.

# પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ કાશ્મીરમાં આર્મી કેમ્પ પર હુમલો

## આતંકીઓએ અંધાધુંધ ગોળીબાર કર્યો, સેનાએ જવાબી કાર્યવાહી કરી



આતંકવાદીઓના ગોળીબાર બાદ સેનાની જવાબી કાર્યવાહી જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં પ્રજાસત્તાક દિવસના એક દિવસ પહેલા આતંકવાદી ઘટનાના સમાચાર સામે આવ્યા છે.

જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં પ્રજાસત્તાક દિવસના એક દિવસ પહેલા આતંકવાદી ઘટનાના સમાચાર સામે આવ્યા છે. અહીં, બિલવાર વિસ્તારના ભટોડી અને મુઆર વિસ્તારમાં મોડી રાત્રે આતંકવાદીઓએ આર્મી કેમ્પ પર ગોળીબાર કર્યો, ત્યારબાદ સેનાએ જવાબી કાર્યવાહી કરી. હાલમાં વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન ચાલુ છે.

બોર્ડર સિક્યુરિટી ફોર્સના એડિશનલ ડાયરેક્ટર જનરલ (એડીજી) સતીશ એસ. ખંડારેએ જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા સ્થિતિ અને સૈનિકોની તૈનાતીની સમીક્ષા કરી હતી.

આ દરમિયાન તેમણે ફિલ્ડ કમાન્ડરો સાથે ઓપરેશનલ પાસાઓ પર ચર્ચા કરી અને સૈનિકો સાથે વાતચીત કરી હતી. જમ્મુ-કાશ્મીરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય તે માટે સુરક્ષા વધારી દેવામાં આવી છે. ખાસ કરીને સરહદી વિસ્તારોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને સેના એલર્ટ મોડ પર છે. બે દિવસ પહેલા પુલવામા જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો હતો અને હથિયારો અને દારૂગોળોનો જથ્થો જપ્ત કર્યો હતો.

શોધ દરમિયાન, સુરક્ષા દળોએ એક હેન્ડ ગ્રેનેડ, એક અઇત્રક્ક એક ઇલેક્ટ્રિક ડિટોનેટર, દસ અકઈ ૭.૬૨ રાઉન્ડ, એક પિસ્તોલ મેગેઝિન, એક પિસ્તોલ રાઉન્ડ, એક ઈંઊઉ ટ્રિગરિંગ ડિવાઇસ અને અન્ય હથિયારો અને દારૂગોળો સાથે એક તૂટેલી મેગેઝિન મળી આવી હતી. પુંછ જિલ્લામાં બુધવારે સવારે સેનાએ એલઓસી (લાઇન ઓફ કંટ્રોલ) પારથી ભારતીય સરહદમાં ઘૂસેલા પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યું હતું. આ ડ્રોન છેલ્લા કેટલાક સમયથી મેંઢર સેક્ટરમાં બોર્ડર પાસે ફરતું હતું.

# સાબરમતી રિવરફ્રન્ટની જેમ દિલ્હીમાં યમુના રિવરફ્રન્ટ બનાવીશું : શાહ

## દિલ્હી ચૂંટણી માટે ભાજપનો ત્રીજો સંકલ્પ પત્ર જાહેર કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ : દિલ્હીમાં ૧૭૦૦ ગેરકાયદેસર વસાહતોને માલિકી હક અપાશે : ૧૩૦૦ હજાર સીલ દુકાનોને ૬ મહિનામાં ખોલવાનું પણ વચન આપતા શાહ

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હી ચૂંટણીને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ શનિવારે સંદર્ભે ભાજપનો ઢંઢેરો બહાર પાડ્યો. તેમણે યમુનાની ગંદકી સાફ કરવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત તેમણે અનધિકૃત વસાહતોના માલિકી અધિકારો, કામદારો માટે જીવન વીમો અને યુવાનોને નોકરી આપવાનું વચન આપ્યું છે.





અમિત શાહે કહ્યું કે, 'આજે હું દિલ્હી ચૂંટણી માટે ભાજપના ઠરાવનો છેલ્લો ભાગ રજૂ કરી રહ્યો છું. હું કોઈ અન્ય કોઈ પાર્ટીનું નામ નહીં લઉં. અમે જે વચનો આપીએ છીએ, તે પૂર્ણ કરીએ છીએ. આ સંકલ્પ પત્ર ઘણા લોકોના સૂચનો પછી તૈયાર કરવામાં આવ્યો છે.' ગૃહમંત્રીએ કહ્યું, '૧૭૦૦ અનધિકૃત વસાહતોને સંપૂર્ણ માલિકી હકો આપવામાં આવશે. દિલ્હીમાં ૧૩૦૦૦ દુકાનો સીલ કરવામાં આવી છે, તે ૬ મહિનાની અંદર ફરીથી ખોલવામાં આવશે. શરણાર્થી વસાહતોમાં ભાડાપટ્ટે આપેલી જમીન પર માલિકી હકો આપવામાં આવશે.'


આ ઉપરાંત વધુ વાત કરતાં અમિત શાહે કહ્યું, 'અમે દિલ્હીમાં એક ભવ્ય મહાભારત કોરિડોર વિકસાવીશું. માન્યતા પ્રાપ્ત મીડિયાકર્મીઓ અને વકીલોને ૧૦ લાખ રૂપિયા સુધીનો જીવન વીમો અને ૧૦ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય અને અકસ્માત વીમો આપીશું.'

અમિત શાહે કહ્યું કે, ભાજપની સરકાર આવ્યા પછી અમે સાબરમતી રિવર ફ્રન્ટની જેમ યમુના રિવર ફ્રન્ટનું નિર્માણ કરીશું. અને આ કામ ત્રણ વર્ષમાં પૂર્ણ કરી દઈશું. તેમણે અરવિંદ કેજરીવાલ પર કટાક્ષ કરતા કહ્યું કે, ' કેજરીવાલે કહ્યું હતું કે, ૭ વર્ષમાં હું યમુનાને સંપૂર્ણપણે સ્વચ્છ બનાવીશ અને દિલ્હીના લોકોની સામે હું યમુનામાં ડૂબકી લગાવીશ. હું કેજરીવાલજીને યાદ કરાવવા માંગુ છું કે, કેજરીવાલજી દિલ્હીના સૌથી શક્તિશાળી વ્યક્તિ છે. દિલ્હીના લોકો તમારા વિશ્વ પ્રસિદ્ધ ડૂબકીની રાહ જોઈ રહ્યા છે, તમે ક્યારે ડૂબકી લગાવશો.'

બોકસ : હું ત્રણ વર્ષ પછી યમુનામાં ડૂબકી લગાવવા કેજરીવાલને આમંત્રણ આપું છું

તેમણે કહ્યું કે, 'અમે ત્રણ વર્ષમાં યમુનાને સાફ કરી દઈશું અને સાબરમતી રિવરફ્રન્ટની જેમ રિવરફ્રન્ટ વિકસાવીશું. હું અરવિંદ કેજરીવાલ અને તેમના પરિવારને ત્રણ વર્ષ પછી યમુનામાં ડૂબકી લગાવવા આમંત્રણ આપું છું.'

# યુનીફાઈડ પેન્શન સ્કીમ ૧ એપ્રિલથી બનશે અમલી





નવી દિલ્હી, તા.૨૫

કેન્દ્ર સરકારે યુનિફાઇડ પેન્શન સ્કીમ એટલે કે યુપીએસ અંગે એક મોટી જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે નોટિફિકેશન બહાર પાડ્યું છે. સરકારના નોટિફિકેશન અનુસાર આ યોજના ૧ એપ્રિલ, ૨૦૨૫ થી અમલમાં આવશે. આ નવી યોજના જે જૂની પેન્શન યોજના અને રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમના પાસાઓને જોડીને બનાવવામાં આવી છે, તેનો હેતુ કર્મચારીઓને ગેરંટીકૃત પેન્શન પૂરું પાડવાનો છે. યુનિફાઇડ પેન્શન યોજના એવા કેન્દ્રીય કર્મચારીઓને લાગુ પડશે જેઓ પહેલાથી જ નેશનલ પેન્શન સિસ્ટમમાં નોંધાયેલા છે. જોકે, આ યોજના ફક્ત તે કર્મચારીઓ માટે જ ઉપલબ્ધ રહેશે જેઓ સૂચનામાં ઉલ્લેખિત ચોક્કસ માપદંડોને પૂર્ણ કરે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે કર્મચારીઓએ ઓછામાં ઓછા ૧૦ વર્ષની સેવા પૂર્ણ કરવી આવશ્યક છે.

ઓછામાં ઓછા ૧૦ વર્ષ કામ કર્યા બાદ નિવૃત્ત થનારા કર્મચારીઓને નિવૃત્તિની તારીખથી ખાતરીપૂર્ણ પેન્શન મળશે. સરકાર દ્વારા ઋછ ૫૬(જે) હેઠળ નિવૃત્ત થયેલા કર્મચારીઓને પણ તેમની નિવૃત્તિની તારીખથી પેન્શન ચૂકવવામાં આવશે. યુનિફાઇડ પેન્શન યોજના એવા કેન્દ્રીય કર્મચારીઓને લાગુ પડશે જેઓ પહેલાથી જ નેશનલ પેન્શન સિસ્ટમમાં નોંધણી પામેલા છે. આ યોજનાનો લાભ મેળવવા માટે કર્મચારીઓએ ઓછામાં ઓછા ૧૦ વર્ષની સેવા પૂર્ણ કરવી આવશ્યક છે.

આ ઉપરાંત, જે કર્મચારીઓ ૨૫ વર્ષની સેવા પછી સ્વૈચ્છિક નિવૃત્તિ લે છે તેમને તેમની નિવૃત્તિની તારીખથી પેન્શન આપવામાં આવશે. આ યોજનાનો લાભ એવા કર્મચારીઓને નહીં મળે જેમને નોકરીમાંથી બરખાસ્ત કરવામાં આવ્યા છે અથવા દૂર કરવામાં આવ્યા છે. આવા કિસ્સાઓમાં, તેમની પાસે યુપીએસ પસંદ કરવાનો કોઈ વિકલ્પ રહેશે નહીં.

# બંધારણ આપણને એક પરિવારની જેમ જોડે છે : મુર્મૂ

## ગણતંત્ર દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂનું રાષ્ટ્રજોગ સંબોધન

નવી દિલ્હી, તા.૨૫

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યા પર રાષ્ટ્રને સંબોધન કર્યું. તેમણે દેશવાસીઓને ગણતંત્ર દિવસની શુભકામના પાઠવી અને કહ્યું કે, ' આજે ભારત વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. બંધારણ ભારતીયોના રૂપમાં આપણી સામૂહિક ઓળખનો આધાર પ્રદાન કરે છે અને બંધારણ આપણને એક પરિવારની જેમ જોડે છે' રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ કહ્યું કે, 'સરકારે સુખાકારીની વિભાવનાને ફરીથી વ્યાખ્યાયિત કરી છે અને મૂળભૂત આવશ્યકતાઓને અધિકારનો વિષય બનાવી દીધો છે. એક રાષ્ટ્ર, એક ચૂંટણી યોજના શાસનમાં નિરંતરતાને પ્રોત્સાહન આપી શકે છે અને નાણાકીય બોજ ઘટાડી શકાય છે.' રાષ્ટ્રપતિએ કહ્યું કે, 'ગણતંત્ર દિવસનો ઉત્સવ, તમામ દેશવાસીઓ માટે સામૂહિક હર્ષોલ્લાસ અને ગૌરવનો પર્વ છે. એવું કહેવામાં આવે છે કે, કોઈ પણ રાષ્ટ્રના ઈતિહાસમાં ૭૫ વર્ષ એ આંખના પલકારા જેવા હોય છે. પરંતુ મારા વિચારથી ભારતના છેલ્લા ૭૫ વર્ષના સંદર્ભમાં આવું બિલકુલ કહી શકાય નહી. આ એવો સમયગાળો છે જેમાં લાંબા સમયથી સૂતેલા ભારતનો આત્મા ફરીથી જાગૃત થયો છે અને આપણો દેશ વિશ્વ સમુદાયમાં તેનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરવા માટે આગળ વધ્યો છે. વિશ્વની સૌથી પ્રાચીન સભ્યતામાં સામિલ ભારતને જ્ઞાન અને વિવેકનું ઉદ્ગમ સ્થાન માનવામાં આવતું હતું. પરંતુ ભારતને એક અંધકારમય સમયગાળામાંથી પસાર થવું પડ્યું. વસાહતી શાસન હેઠળ અમાનવીય શોષણને કારણે દેશમાં ભારે ગરીબી પ્રવર્તતી હતી.'

તેમણે કહ્યું કે, 'આજના દિવસે સૌથી પહેલા આપણે એ શૂરવીરોને યાદ કરીએ છીએ, જેમણે માતૃભૂમિને વિદેશી શાસનની બેડિયોમાંથી મુક્ત કરાવવા માટે સૌથી મોટું બલિદાન આપ્યું. લોકો તે સ્વાતંત્ર્ય સેનાનીઓમાંથી કેટલાક વિશે જાણે છે, પરંતુ તેમાંથી ઘણા વિશે તેઓ જાણતા ન હતા. આ વર્ષે આપણે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતિ મનાવવામાં આવે છે. તેઓ એવા અગ્રણી સ્વાતંત્ર્ય સેનાનીઓમાંના એક છે, જેમની ભૂમિકાને રાષ્ટ્રીય ઇતિહાસના સંદર્ભમાં યોગ્ય મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.'



### નશો નાશનું મુળ આ વાતને વધુ એક વખત દારૂડીયાએ સાચી ઠેરવી

# નશાખોરે પતિ ભાન ભુલ્યોઃ પત્નિને ક્રુરતાથી પતાવી દીધી

## બે સંતાનોને મા વગરના કર્યાઃ પતિની દારૂની ટેવથી કંટાળી પત્નિ અલગ રહેવા જતી રહેતાં રોષે ભરાયો અને ખૂની ખેલ ખેલ્યોઃ પોલીસે કરી ધરપકડ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૫**

રાજકોટઃ દારૂનો દૈત્ય અનેક પરિવારોના માળા વેખવિખેર કરવામાં નિમીત બન્યો છે. ગુજરાતમાં આમ તો દારૂબંધી છે પરંતુ આમ છતાં દારૂડીયાઓને દારૂ મળી રહે છે. ગેરકાયદે હેરાફેરી ડામવા પોલીસ સતર્ક રહે છે અને લાખો કરોડોનો દારૂ પકડી લે છે. આમ છતાં પીનારા અને વેંચનારા પોતપોતાની વ્યવસ્થા ગમે તેમ કરીને કરી લેતાં હોય છે. નશો નાશનું મુળ છે એ કહેવત અનેક વખત સાચી ઠરી છે. વધુ એક આવા બનાવમાં એક દારૂડીયાએ આ વાતને સાચી ઠેરવી છે. નશાખોર શખ્સે પોતાની પત્નિને ક્રુરતાથી પતાવી દઇ બે બાળકોને મા વગરના કરી દીધા છે. નશાખોર પતિથી કંટાળીને પત્નિ અલગ રહેવા જતી રહી હતી. આ કારણે પતિ ઉશ્કેરાયો હતો અને ઝઘડો કરી તિક્ષ્ણ હથીયારથી તૂટી પડી આડેધડ ઘા ઝીંકી પત્નિને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

હત્યાની આ ઘટના પર નજર કરીએ તો પાલડી વિસ્તારમાં આ બનાવ બન્યો છે. જેમાં પતિની દારૂની ટેવને કારણે પારિવારિક તકરારમાં પતિએ જ પત્નિને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ મામલે પાલડી પોલીસે હત્યાનો ગુનો નોંધી પતિની અટકાયત કરી છે. પતિ દારૂ પીવાની ટેવ ધરાવતો હોવાના કારણે પત્નિ અલગ રહેવા જતી રહી હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું હતું. પાલડીના પી. ટી. ઠક્કર કોલેજ રોડ પર આવેલી મેના ગુજરી સોસાયટી પાસે જ બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં હત્યાનો બનાવ બન્યો હતો. જેમાં ત્રીસ વર્ષીય સોનલ નાયક નામની મહિલાની તેના જ પતિ અર્જુન નાયકે હત્યા કરી હતી.

હત્યાને અંજામ આપી આરોપી ફરાર થાય તે પહેલા સ્થાનિક લોકોની મદદથી પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. આ મામલે પાલડી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

સોનલ નાયકની હત્યાના ગુનામાં પોલીસે આરોપી પતિ અર્જુનની અટકાયત કરી હતી.



તેના દસ વર્ષ પહેલા લગ્ન થયા હતાં. લગ્નજીવન દરમિયાન તેમને બે બાળક જન્મ્યાં હતાં. જોકે હત્યારા પતિને દારૂ પીવાની ટેવ હતી અને તેના કારણે બંને વચ્ચે ઝઘડો અને બોલાચાલી થતી હતી. તે જ કારણથી સોનલ પતિથી અલગ રહેતી હતી. બંને પક્ષના લોકો અને તેમના પરિવારજનો સમાધાન માટે એકઠા થયા ત્યારે બોલાચાલી થતા આરોપી અર્જુને છરી વડે ઉપરા છાપરી ઘા મારી પત્નિની હત્યા કરી નાખી હતી. આ ઘટના દરમિયાન લોકોએ આરોપીને ઝડપી પાડી પોલીસને સોંપતા પોલીસે આરોપી અર્જુન નાયકની અટકાયત કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

### આ વળી નવું: મુંછો પર તાવ દેવા મામલે ડખ્ખો કરી હોટેલ માલિક સહિત આઠ જણા યુવાન પર તૂટી પડ્યા!

બીજા એક ચોંકાવનારા હુમલાના કિસ્સામા મુંછો પર તાવ દેવા મામલે થયેલી બોલાચાલીમાં ચોટીલા હાઈવેની બાજુમાં આવેલ એક હોટલના માલિક અને સ્ટાફ સહિતના શખ્સોએ રાજસ્થાનના એક શખ્સને માર મારી ધમકી આપતાં ફરિયાદ થઇ છે. આ મામલે રાજસ્થાની યુવાને હોટલ માલિક સહિત સાતથી આઠ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે. રાજસ્થાન ખાતે રહેતા ફરિયાદી કિશન તિવારી પ્રકાશલાલ શર્મા અને તેમના પિતા -કાશલાલ શર્મા ચોટીલા ખાતે ચામુંડા માતાજીના દર્શનાર્થે આવ્યા હતા. ચોટીલા હાઈવેની બાજુમાં આવેલ આકાશ પેલેસ હોટલ ખાતે રાત્રીના સમયે ભાડેથી રહેવા માટે ત્યાં પુછપરછ માટે ગયા હતા આથી હોટલના સ્ટાફે ત્રીજા માળે રૂમ બતાવવા ફરિયાદીને લઈ ગયા હતા અને ત્યારબાદ ફરિયાદી તેમના પિતાને રૂમમાં મુકી નીચે લગેજ લેવા આવ્યા ત્યારે કાઉન્ટર બેસેલા હોટલના માલિકે ફરિયાદીને મુંછો નીચે કરી મુંછો પર તાવ નહિં દેવાનું જણાવ્યું હતું.

હોટલ માલિકની વાત સાંભળી ફરિયાદીએ આ હોટલમાં રૂમ નથી રાખવી તેમ જણાવી તેમના પિતાને નીચે લઈ આવ્યા હતા. આથી હોટલ માલિકે ફરિયાદી તેમજ પિતા સાથે બોલાચાલી કરી રોષમાં આવી છુટ્ટા હાથે મારામારી કરી હતી અને ત્યારબાદ હોટલ માલિકનો દિકરી અને સ્ટાફના અંદાજે ૭થી ૮ વ્યક્તિઓ ઢીકા-પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ હોટલના માલિક અજયકુમાર, તેમનો દિકરો નિકુંજ અને હોટલના સ્ટાફના અજાણ્યા સાતથી આઠ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# આજે ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે બાળકોને નિઃશુલ્ક પ્રવેશ

## વર્ષ ૨૦૨૩ - ૨૪ ના બજેટમાં લેવાયો હતો નિર્ણય

રાજકોટ, તા. ૨૫

૨૬મી જાન્યુઆરી અનુસંધાને ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં કરેલ નિર્ણય અનુસંધાને બાળકો ગાંધીજીવનમાંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા દ્વારા જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, મોહનદાસ ગાંધી વિદ્યાલય (આલ્ફ્રેડ હાઇસ્કુલ)માં પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે .

જેનું લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. નાના બાળકો ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં નિર્ણય કરવામાં આવેલ.

જેના અનુસંધાને આજે પ્રજાસત્તાક પર્વના દિવસે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

આ મ્યુઝિયમમાં પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો ઓડિયો, વિઝ્યુઅલ અને એલ.ઇ.ડી. સ્ક્રીન મારફત દર્શાવામાં આવ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં મ્યુઝિયમ ઉપરાંત વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે જેમાં, ટિકિટ વિન્ડો, ક્લોકરૂમ, મુલાકાત માટે ગાઇડની




સુવિધા, વિશાળ પાકિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાઇબ્રેરી, વી.આઇ.પી. લોંજ, કોન્ફરન્સ રૂમ, સોવિનીયર શોપ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા છે. દરરોજ રાત્રે ૭ વાગ્યે પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઇટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરાય છે. મહાત્મા ગાંધી મ્યુઝિયમના લોકાર્પણથી આજ સુધીમાં ૨૧૬૭ વિદેશી મુલાકાતીઓ, ૯૬૬૯૬ બાળકો સહીત કુલ ૩,૩૩,૯૮૭ મુલાકાતીઓએ મુલાકાત લઇ અભિભૂત થયા છે. દર વર્ષે ૨૬મી જાન્યુઆરી, ૩૦મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ અને ૨-જી ઓક્ટોબર નિમિતે ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે. રાજકોટ શહેરના ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવન પરથી પ્રેરણા અને આદર્શ મેળવે તે માટે આજે વધુને વધુ બાળકો આ નિઃશુલ્ક સેવાનો લાભ મેળવે તે માટે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી

### બી.એલ.ઓ., કેમ્પસ એમ્બેસેડર, યુવા મતદારોનું સન્માન કરાયુંઃ દિવ્યાંગ મતદાર આઈકોનનું વિશિષ્ટ બહુમાન
### યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪માં વિજેતા શાળા તેમજ વ્યક્તિગત વિજેતાઓને પુરસ્કાર વિતરણ કરાયા

રાજકોટ તા. ૨૫

સમગ્ર દેશમાં ૨૫મી જાન્યુઆરી ''રાષ્ટ્રીય મતદાતા દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે રાજકોટમાં જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં ૧૫મા *રાષ્ટ્રીય મતદાતા દિવસ*ની ઉજવણી નિમિત્તે વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગત ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર બી.એલ.ઓ., કેમ્પસ એમ્બેસેડર, યુવા મતદારો વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આ ઉજવણીની શરૂઆત થઈ હતી. આ અવસરે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ ઉપસ્થિતોને સંબોધતા કહ્યું હતું કે, નવા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને તેનું મહત્ત્વ સમજે તેવા ઉદ્દેશ્યથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. લોકસભાની ચૂંટણીમાં મતદાર નોંધણીથી લઈને મતદાન સુધીનું ભગીરથ કાર્ય આપ સૌના સહકારથી સંપન્ન થયું છે. ગત ચૂંટણીમાં રાજકોટ મહાનગરમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વોટિંગ થયું છે. ચૂંટણીમાં આવી સારી કામગીરી બદલ તેમણે સૌ સ્ટાફને બિરદાવ્યા હતા. જ્યારે સ્વાગત પ્રવચન કરતા અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે. મુછારે કહ્યું હતું કે, ભારતીય ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયામાં ઘણા સીમાચિહ્નો સ્થાપિત કર્યા છે. આપણા દેશની લોકસભાની ચૂંટણીની મતગણતરી પણ રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરી દેવાઈ હતી. વિશ્વના ૧૦ જેટલા દેશો ચૂંટણી યોજવા ભારતીય ચૂંટણીપંચનું માર્ગદર્શન અને મદદ લઈ રહ્યા છે. આ તકે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારનો વીડિયો સંદેશ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ અવસરે દિવ્યાંગ મતદાર આઈકોન શૈલેષ પંડ્યાનું કલેક્ટર તથા અધિક ચૂંટણી અધિકારીએ વિશિષ્ટ સન્માન કર્યું હતું. ત્યાર બાદ નવા મતદારો તરીકે જોડાયેલા મેહુલ ગોંઢા, દિશાબેન લોટીયા, તુષાર ગોંડલીયા, ધ્રુમિલ વાજા અને અરમાન કંડીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. એ પછી યુવા મતદાર મહોત્સવ ૨૦૨૪માં ગ્રૂપ વીડિયો સંદેશમાં પ્રથમ ક્રમે વિજેતા મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ - વીરપુર, વ્યક્તિગત વીડિયો સંદેશમાં દ્વિતીય ક્રમે લીલી રાઠોડ, તૃતીય નિધિ સાકરીયાનું રોકડ પુરસ્કાર તથા સન્માનપત્રથી બહુમાન કરાયું હતું. જ્યારે પોસ્ટર ડિઝાઈનમાં ગ્રૂપમાં પ્રથમ તેમજ દ્વિતીય ક્રમે રહેલી ઉજીબેન ધડૂક મહિલા કોલેજ - ગોંડલ, જ્યારે તૃતીય ક્રમે રહેલી અવની ડોબરિયાને સન્માનિત કરાયા હતા. ઉપરાંત ઈ-પોસ્ટર મેકિંગના વિજેતા રશ્મિ રાઠોડ તથા હેતલ વાછાણીને પણ રોકડ પુરસ્કાર તથા સન્માનપત્રથી સન્માનિત કરાયા હતા. મતદાર નોંધણી પ્રક્રિયામાં ઉત્તમ કામગીરી કરનારા બી.એલ.ઓ. સુપર વાઈઝરમાં ડો. પ્રકાશ પીઠીયા, નિકુંજ રાઠોડ, રાકેશ રાજ્યગુરુ, હંસપરા નરોત્તમ આર., રસીક વસાણી, એસ.જી. પટેલ, કીરીટ કાપડીયા, વિરલ વાછાણી વગેરેનું બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગત લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં વિધાનસભા ૬૮થી લઈ વિધાનસભા ૭૫ વિસ્તારમાં બુથ કક્ષાએ મતદારોની ઓળખ અને જરૂરી ફોર્મના વિતરણ તેમજ તે અંતર્ગત કરેલી શ્રેષ્ઠ કામગીરી બદલ ૨૪ બુથ લેવલ ઓફિસરને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પ્રજાસત્તાક પર્વની ઉજવણ માટે જાગો હિંદુસ્તાની કાર્યક્રમ યોજાયો

## આ કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય જાણીતા વક્તા અને લેખક જય વસાવડાના વરદ્ હસ્તે કરાયો



રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિના ગીતોનો એક ભવ્ય સ્ટેજ શો જાગો હિંદુસ્તાની કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય જાણીતા વક્તા અને લેખક જય વસાવડાના વરદ્ હસ્તે કરવામાં આવ્યો. જાગો હિન્દુસ્તાની કાર્યક્રમમાં ૩૬ થી વધુ કલાકારો દ્વારા અદ્યતન સાઉન્ડ, શ્રેષ્ઠ કોરિયોગ્રાફી, એલ.ઈ.ડી.ની સ્પેશ્યલ ઈફેક્ટ દ્વારા દેશભક્તિના ગીતનો એક ભવ્ય સ્ટેજ શો કરવામાં આવ્યો. અગાઉ વાઘાબોર્ડર પર ભારતનો પ્રથમ દેશભક્તિ ગીતનો કાર્યક્રમ યોજાયેલ હતો. આ કાર્યક્રમથી કલાકારો દ્વારા ખાસ પ્રકારે દેશભક્તિ ગીતોથી રાષ્ટ્રભાવના જાગૃત કરવાનો એક ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો.આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતુ કે, સૌ પ્રથમ તો સૌને ૭૬માં પ્રજાસત્તાક પર્વની ખુબ ખુબ શુભેચ્છા. ભારત દેશ આઝાદ થયો તેને ૭૫ વર્ષ પૂર્ણ કરી, આપણે અમૃતકાળ તરફ આગળ વધી રહ્યાં છીએ. આ અવસરે આપણે સૌએ આઝાદી કા અમૃત મહોત્સવની હોંશભેર ઉજવણી કરી. ભારત દેશ વિશ્વભરમાં આદરપૂર્ણ ઉચ્ચ સ્થાન હાંસલ કરી શક્યો છે અને વિકાસની એક નવી પરિભાષા આલેખી રહ્યો છે. દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સતત ત્રીજી વાર નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વવાળી રાજ્ય સરકાર એમ ડબલ એન્જીનની સરકાર દ્વારા અનેકવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને યોજનાઓના લાભો લોકોને મળી રહ્યા છે અને તેના માધ્યમથી લોકોના જીવનધોરણમાં પ્રગતિકારક સુધારો આવી રહ્યો છે. રાજકોટ શહેરએ પણ વિકાસની હરણફાળ ભરેલ છે. શહેરમાં અટલ સ્માર્ટ સિટી, ફ્લાય ઓવરબ્રિજ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, શહેરી બસ સેવા, લાયન સફારી પાર્ક વગેરે વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ ગતિમાં છે.રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિકાસ કામોની સાથે લોકોને તહેવાર દરમ્યાન તથા પ્રસંગોપાત આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, લોકડાયરા તથા મ્યુઝીકલ નાઈટ્સ, હિન્દી હાસ્ય કવિ સંમેલન, યોગ દિવસની ઉજવણી, સૂર્ય નમસ્કાર સ્પર્ધા, તિરંગા યાત્રા, આતશબાજી, દિવાળી કાર્નિવલ, મેરેથોન વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરી શહેરીજનોને મનોરંજન પુરૂ પાડવામાં આવે છે.૨૬-મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દેશભક્તિના ગીત જાગો હિન્દુસ્તાનીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આવા સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી રાજકોટ મહાનગરપાલિકા શહેરીજનોને રાષ્ટ્રભાવના જાગૃત કરવાનો પ્રયાસ કરે છે. આપ સર્વે ઉપસ્થિત જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છો તે જાગો હિન્દુસ્તાનીનો કાર્યક્રમ માણી શકો તે માટે વિશેષ વિગતો રજુ ન કરતા મારી વાત અહિ પૂર્ણ કરુ છું.

આ તકે કાર્યક્રમના ઉદઘાટક જાણીતા વક્તા અને લેખક જય વસાવડાએ ઉપસ્થિત સર્વેને આપણા ભવ્ય ભારતના પૌરાણિક વારસાથી અવગત કરાવતા દશાવતારનું સુંદર ઉદાહરણ આપી તેનું વૈજ્ઞાનિક જોડાણ વિશે રસપ્રદશૈલીમાં સમજાવવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજીત જાગો હિન્દુસ્તાની કાર્યક્રમમાં આર.ડી. ઈવેન્ટ દ્વારા લોકપ્રિય દેશભક્તિ ગીતો ગાઈને ઉપસ્થિત સૌ મહાનુભાવો અને શહેરીજનોને દેશભક્તિના રંગે રંગ્યા હતા. આ કાર્યક્રમમાં આર.ડી. ઈવેન્ટ દ્વારા પ્રાર્થનાથી શરૂ કરી ઇતની શક્તિ હમે દેના દાતા....., સત્યમ શિવમ સુન્દરમ....., હૈ પ્રીત જહાં કી રીત સદા...., દેશ મેરા રંગીલા...., સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા..., જહાં ડાલ ડાલ પર સોને કી ચીડીયા કરતી હૈ બસેરા વોહ ભારત દેશ હૈ મેરા...., મેરે દેશ કી ધરતી...., યે દેશ હૈ વીર જવાનો કા..., તેરી મીટ્ટી મે મીલ જાવા...., જેવા અદભુત દેશભક્તિના ગીતોથી લોકોમાં દેશ પ્રેમ ઉજાગર કર્યો હતો.

### કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈન, રાજકોટને સાધ્વીજી વનીતાબાઈ મહાસતીજીની પાવન નિશ્રામાં પ્રખર

# જીવદયા પ્રેમી સ્વ.કુસુમબેન ભુપતભાઈ શેઠ પરિવાર દ્વારા આજે પશુ- પક્ષીની સારવાર માટે એનીમલ ઍમ્બ્યુલન્સ અર્પણ કરાશે








## આજે સવારે ૧૦-૩૦ કલાકે, શ્રમજીવી ઉપાશ્રય, ઢેબર રોડ ખાતે એમ્બ્યુલન્સનું કરાશે લોકાર્પણ

રાજકોટ, તા.૨૫

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈન, રાજકોટને સાધ્વીજી વનીતાબાઈ મહાસતીજીની પાવન નિશ્રામાં પ્રખર જીવદયા પ્રેમી સ્વ. કુસુમબેન ભુપતભાઈ શેઠ પરિવાર દ્વારા રૂ. ૭ લાખના ખર્ચે તૈયાર થયેલ પશુ- પક્ષીની નિઃશુલ્ક સારવાર માટેની એનીમલ ઍમ્બ્યુલન્સનું તા. ૨૬, જાન્યુઆરી, રવીવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે, શ્રમજીવી ઉપાશ્રય, ઢેબર રોડ, રાજકોટ ખાતે લોકાર્પણ કરવામાં આવશે.

પ્રખર જીવદયા પ્રેમી સ્વ. કુસુમબેન ભુપતભાઈ શેઠ પરીવાર હસ્તે નરેન્દ્રભાઈ શેઠ, સોનલબેન નરેન્દ્રભાઈ શેઠ, સ્વ. નિરંજનભાઈ શેઠ, સુધાબેન નિરંજનભાઈ શેઠ, સ્વ. જયપ્રકાશભાઈ શેઠ, કિર્તિદાબેન જયપ્રકાશભાઈ શેઠ, મીનાબેન ભાસ્કરભાઈ શાહ, પુષ્પાબેન નિશીથભાઈ મહેતા, જયશ્રીબેન નરેન્દ્રભાઈ શાહ, સ્મીતાબેન કુમારભાઈ શાહ સહિતના પરિવારજનોનાં સહયોગથી પશુ- પક્ષીની નિઃશુલ્ક સારવાર માટેની એનીમલ ઍમ્બ્યુલન્સ લોકર્પણનો કાર્યક્રમ યોજાશે.

અત્રે ઉલેખનીય છે કે, ભારતની નિઃશુલ્ક પશુ પક્ષી સારવાર ક્ષેત્રની સૌથી મોટી સંસ્થા તેમજ ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ ઍવોર્ડ વિજેતા સંસ્થા શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન, રાજકોટમાં છેલ્લા ૨૧ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે.

રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુપંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૨૧ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબઇલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૧૨ લાખ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે, નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, ૧૧ એમ્બ્યુલન્સ તેમજ ૩ બાઇક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે.

પક્ષીની નિઃશુલ્ક સારવાર માટેની એનિમલ ઍમ્બ્યુલન્સ લોકર્પણનાં કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનિમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, પારસભાઈ ભરતભાઈ મહેતા, ગૌરાંગભાઈ ઠક્કર સહિતનાઓની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩ ) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# એસિડ એટેકનો ભોગ બનેલી મહિલાને ૩ લાખનું વળતર ચૂકવવા હુકમ

રાજકોટ તા.૨૫

કુવાડવા રોડ પર આવેલા સોખડા ગામે મંગેતરે પ્રેમ લગ્ન કરી લેતા ભાવભરથારે સગપણમાં વચ્ચે રહેલી મંગેતરની પિતરાઈ બહેન ઉપર એસીડ એટેક કર્યો હતો. જે ઘટનાની જાણ થતાં ડિસ્ટ્રીક્ટ લિગલ સર્વિસ ઓથોરીટી રાજકોટ દ્વારા એસીડ એટેકનો ભોગ બનનાર મહિલાને રૂા. ૩ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટની ભાગોળે કુવાડવા રોડ પર આવેલા સોખડા ગામે રહેતી વર્ષાબેન નામની મહિલાએ પોતાના કાકાની દિકરી પારસબેનની સગાઈ એક વર્ષ પહેલા સોખડાના પ્રકાશ સરવૈયા સાથે કરાવી હતી. જે સગપણ બાદ પારસબેને અન્યયુવાન સાથે પ્રેમ . લગ્ન કરી લીધા હતાં. જે અંગે પ્રકાશ સરવૈયાએ મંગેતર પારસ બેનની પિતરાઈ બહેન વર્ષાબેનને પુછપરછ કરી એસીડ એટેક કર્યો હતો. દાઝી ગયેલી મહિલાને તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવી હતી. જે અંગે કુવાડવા રોડ પોલીસે એસીડ એટેક કરનાર પ્રકાશ સરવૈયા વિરુદ્ધ પોલીસ ચોપડે ગુનો દાખલ કર્યો છે.મહિલા ઉપર એસીડ એટેક થયાની સોશિયલ મીડિયા મારફતે ડિસ્ટ્રીકટ લિગલ સર્વિસ ઓથોરીટીના મિડિયેટર અને એડવોકેટ અજય કે જોશીના ધ્યાને આવતા એડવોકેટએ તાત્કાલીક ડિસ્ટ્રીકટ લિગલ સર્વિસ ઓથોરીટીના સેક્રેટરી કે.એમ. ગોહિલને તાત્કાલીક મહિલા ઉપર એસીડ એટેક થયાની ઘટનાની જાણ કરી હતી. જાણ થતાં જ ડિસ્ટ્રીક લીગલ સર્વિસ ઓથોરીટીના સેક્રેટરી કે.એમ. ગોહિલ તાત્કાલીક હોસ્પિટલ ખાતે દોડી ગયા હતાં. એસીડ એટેકની ઘટનાને પગલે ડિસ્ટ્રીક લીગલ સર્વિસ ઓથોરીટીના ચેરમેન વી.બી. ગોહિલે તાત્કાલીક મીટીંગનું આયોજન કર્યું હતું. અને એસીડ એટેકનો ભોગ બનેલી મહિલાને તાત્કાલીક રૂમ. ૩ લાખનું વળતર ચુકવવા આદેશ કરવામાં આવ્યો હતો.

## ૮ વી ખિરાજે અકીદત – ખુદા ફરમાવે તમારી મગફેરત



**મર્હુમ એડવોકેટ હનીફખાન અમીનખાન પઠાણ**

સ્વ.તા.૨૪.૦૧.૨૦૧૬

જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કે જે આજીવન વિસરાતા નથી. આવી જ વાત સમસ્ત લઘુમતી સમાજ માટે મર્હુમ એડવોકેટ હનીફખાન અનીફખાણ પઠાણ છોડી ગયા છે. તમારી અચાનક અમારી વચ્ચેથી વિદાય અને દૂર ચાલ્યા જવું તે અમારા માનવામાં આવતું નથી. પણ શું થાય કુરાને પાકમાં ખુદાઈ આદેશ છે કે દરેક જીવને મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે. મર્હુમની દુઆઓ પ્રત્યેક પળે ભલે પ્રત્યક્ષ ન હોય પણ પરોક્ષ રીતે સદાય મળતી રહે તેવી સદગતના પરિવારજનો ઉપરાંત સમસ્ત મુસ્લિમ સમાજને આશા, વિશ્વાસ છે. ખૈર. ખુદા તમારી મગફેરત ફરમાવે અને જન્નતુંલ ફિરદૌસમાં ઉચ્ચ મુકામ અતા ફરમાવે..

આમીન....

**દુવાગીર :** મર્હુમ યુસુફખાન અઝીમખાન પઠાણ (ભાઈ)
મર્હુમ સાલમીનભાઈ સીરાજભાઈ શેખ (ભાણેજ)
સ્વ. જયેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા (મિત્ર)

---------

**લી.** હસરતખાન હનીફખાન પઠાણ (પુત્ર)
નિસાર સિરાજભાઈ શેખ (ભાણેજ)
જુબેર સીરાજભાઈ શેખ (ભાણેજ)
દિવ્યેશ શીવાભાઈ મકવાણા (ભાણેજ)



રાજકોટ મિરર તંત્રીની કલમે

# હાઉકલી !

## બાંગ્લાદેશી ઘુસણખોર ઘર સુધી પહોંચ્યા, પણ વ્યાપક ઓપરેશનનો અભાવ



રાજકોટના પોલીસ કમિશનરને રાષ્ટ્રપતિ એવોર્ડ માટે પસંદ કરવામાં આવે તે આપણો ગૌરવ ગણાય. બ્રજેશકુમારજીને આપણે એડવાન્સમાં અભિનંદન આપીએ.

રાષ્ટ્રીય સ્તરના એવોર્ડ કયા આધારે જાહેર થતા હશે ? સામાન્ય રીતે પ્રેરક પરાક્રમ કે નવો રાહ ચિંધનારને સન્માન પ્રાપ્ત થતું હોય છે. તાજેતરમાં રાજકોટ પોલીસ તંત્રએ કંઈ વિશેષ કરી દેખાડ્યું નથી. કદાચ વ્યક્તિગત સિદ્ધિ ધ્યાને લેવાતી હશે. આવું કઈ હોય તો એ સિદ્ધિનો ઉલ્લેખ કરીને એવોર્ડ આપવા જોઈએ.

રાજકોટના પોલીસ તંત્ર પર નજર નાખો તો સમગ્ર સ્થિતિના તારણરૂપે એક વાક્ય ઉભરે... પોલીસ કરવા જેવા કામ કરતી નથી, અને ન કરવાના કરે છે. બાંગ્લાદેશી ઘુસણખોરોનો પ્રશ્ન રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બન્યો છે. શૈફઅલી ખાન પર થયેલ હુમલામાં બાંગ્લાદેશી ઘુસણખોરનું નામ ખુલ્યું છે.

ઘાતક બની રહેલા ઘુસણખોરો ગુજરાત- સૌરાષ્ટ્રમાં પણ ધબકવા લાગ્યાની વાતો લાંબા સમયથી ચાલી રહી છે, પણ આ અંગે પરિણામલક્ષી ઓપરેશનો થયા નથી. યોગાનુયોગ એવું બન્યું કે પોલીસ કમિશનરને રાષ્ટ્રપતિ એવોર્ડના સમાચાર અને પડધરીના રંગપરમાંથી બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયાના સમાચાર એક જ દિને મીડિયામાં આવ્યા.

રંગપરમાંથી બે ત્રણ ઘુસણખોરો ઝડપાયાના સમાચારથી સનસનાટી ફેલાઈ છે. આ ઘુસણખોરો રાજકોટમાં આસાનીથી ઘૂસી ગયા નોકરી મેળવીને રૂમ ભાડે રાખીને સેટ થઈ ગયા પોલીસ તંત્ર અંધારામાં જ હતું બે તત્વો ઝડપાયા બાદ પ્રકરણ પૂરું નથી થઈ જતું, શરૂ થાય છે. આવા કેટલા તત્વો સૌરાષ્ટ્ર ભરમાં ફેલાઈ ગયા હશે ? તેને ઘુસાડીને વ્યવસ્થિત ગોઠવી દેનારા કોણ હશે ? અનુમાન છે કે આંતરરાષ્ટ્રીય મહાનેટવર્ક સક્રિય હશે. કામ કરવાના બહાને હીડન એજન્ડા પણ હોઈ શકે છે. મુખ્ય સવાલ એ છે કે આવા તત્વો ઘૂસીને ગોઠવાઈ જાય તો પણ પોલીસ તંત્રને કેમ ગંધ ન આવી ? કે પછી....

ગુજરાતી ભાષાના સત્તાવાર શબ્દકોશમાં હાઉકલી નામનો કોઈ શબ્દ નથી. આ શબ્દ અચાનક મોઢું દેખાડીને બાળકોને ખુશ કરવા માટે વપરાય છે. બાંગ્લાદેશી ઘુસણખોરોએ સૌરાષ્ટ્રમાં હાઉકલી કરી છે. પોલીસ તંત્ર બાળક જેવું સાબિત થયું છે.


માત્ર તંત્ર એ જ નહીં, લોકોએ પણ ગંભીરતાથી લેવા જેવી આ ઘટના છે. રોજગારીના નામે ઘુસણખોરો ફેક્ટરીમાં કે ઘર સુધી પહોંચી ગયા છે. આવા તત્વો મોટાભાગે મરણીયા વૃતિ ધરાવતા હોય છે. પડોશી દેશમાં ઘૂસીને સેટ થવું એ ખાઈ લેવાના ખેલ નથી. તેમની મરણીયા વૃતિ આપણા માટે ઘાતક બની શકે છે.

કોઈ સિદ્ધિ પ્રાપ્ત કર્યા બાદ એવોર્ડ મળવા જોઈએ. જે થયું તે એવોર્ડ મળી ગયા બાદ તો તેનું ગૌરવ જળવાય તેવું કામ કરી દેખાડજો.




# અમેરિકામાંથી દેશનિકાલની ભારતીય વિદ્યાર્થીઓને કોરી ખાતી ચિંતા

## ડોનાલ્ડ ટ્રમ્પના આદેશો બાદ ટપોટપ પાર્ટ-ટાઇમ જોબ છોડવા લાઈનો લાગી



વોશિંગ્ટન, તા.૨૫

યુએસએના ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ તેમને ચૂંટણી પ્રચાર દરમિયાન કરેલા વાયદા પુરા કરવા એક પછી એક નિર્ણયો લઇ રહ્યા છે. ખાસ કરીને ગેરકાયદે ઈમિગ્રેશન સામે ડોનાલ્ડ ટ્રમ્પના આદેશો બાદ ખળભળાટ મચી ગયો છે. અમરિકામાં વસતા ગેરકાયદે ઈમિગ્રન્ટ દેશનિકાલ આપવામાં આવી શકે છે. એવામાં અહેવાલ છે કે વધારાની આવકની જરૂરિયાત હોવા છતાં, અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીયો પાર્ટ-ટાઇમ નોકરીઓ છોડી રહ્યા છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી, બોર્ડર સિક્યોરીટી કડક બનાવવા અને દેશમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દેશ નિકાલ આપવા માટે કેટલાક એક્ઝિક્યુટિવ ઓર્ડર અને પ્રેસ રિલીઝ પાડી છે. જેમાં અનઓથોરાઈઝડ વર્ક સામે પગલા લેવાની જાહેરાત કરવામાં આવી છે.

ૠ-૧ વિઝા ધરાવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કેમ્પસમાં અઠવાડિયામાં ૨૦ કલાક સુધી કામ કરવાની મંજુરી આપે છે, પરંતુ ઘણા લોકો ખર્ચને પહોંચી વળવા માટે મ્પસની બહાર રેસ્ટોરન્ટ, ગેસ સ્ટેશન અને રિટેલ સ્ટોર્સમાં નોકરીઓ કરે છે.

ઇલિનોઇસમાં રહેતા એક ભારતીય વિદ્યાર્થીએ એક ભારતીય અખબાર સાથે વાત કરતા કહ્યું, મારા માસિક ખર્ચને પહોંચી વળવા માટે હું કોલેજ પછી એક નાના કાફેમાં કામ કરતો હતો. મને એક કલાક કામના ૭ મળતા અને હું દિવસમાં છ કલાક કામ કરતો. નોકરી આરામદાયક હતી, પરંતુ ગયા અઠવાડિયે અનઓથોરાઈઝડ વર્ક પર સંભવિત ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ વિશે સાંભળ્યા પછી મેં નોકરી છોડી દીધી. હું જોખમ નથી લેવા ઈચ્છતો, કેમ કે અહીં અભ્યાસ કરવા માટે ૫૦,૦૦૦ (લગભગ ₹૪૨.૫ લાખ) ઉધાર લીધા પછી.

ન્યૂ યોર્કમાં ભણતી એક વિદ્યાર્થીનીએ અખબારને જણાવ્યું કે તેને તેના વર્કપ્લેસ પર રેન્ડમ ચેકિંગની ચિંતા છે. વિદ્યાર્થીનીએ કહ્યું, મેં અને મારા મિત્રોએ હાલ પૂરતું કામ બંધ કરવાનો નિર્ણય લીધો છે. હાલત મુશ્કેલ છે, પરંતુ અમે દેશનિકાલ અથવા અમારા સ્ટુડન્ટ વિઝાનું જોખમ લેવા માંગતા નથી. મારા માતાપિતાએ મને અહીં મોકલવા માટે ઘણી તકલીફો ભગવી છે.

નોંધનીય છે કે પરિવારો લોન લઈને વિદ્યાર્થીઓ યુએસ ભણવા મોકલતા હોય છે. બીજી તરફ વિદ્યાર્થીઓના આવકનો સ્રોત પણ છીનવાઈ રહ્યો છે, આવી તણાવપૂર્ણ પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓની મેન્ટલ હેલ્થ પર ગંભીર અસર પડી છે. યુએસમાં ટકી રહેવા માટે પાર્ટ ટાઈમ નોંકરી ખુબ જરૂરી છે, પરંતુ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ અને ભવિષ્ય જોખમમાં હોવાનો ડર છે.

ભારત સરકારની જાહેરાતઃ

ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે જાહેરાત કરી હતી કે ભારત અમેરિકામાં વસતા અનડોક્યુમેન્ટેડ ભારતીય નાગરિકોને સ્વીકારવા તૈયાર છે. જો કે દેશનિકાલ થઈ શકે તેવા ભારતીય મૂળના વ્યક્તિઓની સંખ્યા અંગે હજુ સુધી કોઈ અંદાજ લાગવવામાં આવ્યો. જયશંકરે જણાવ્યું છે કે વ્યક્તિઓના ભારતીય મૂળના છે કે નહીં તેણી ચકાસણી કરવી જરૂરી રહેશે.

# તો ફેબ્રુઆરી મહિનાથી શનિ-રવિ બેંકો રહેશે બંધ ?

## અઠવાડિયામાં ૫ દિવસ કામ કરવા બાબતે લાંબા સામ્યથ બેંક એમ્પ્લોઈ એસોસિએશન, આરબીઆઈ અને સરકારી અધિકારીઓ વચ્ચે અનેક ચર્ચાઓ ચાલતી ચર્ચા-માંગણીને બજેટમાં રાહત મળે તેવી સંભાવના

નવી દિલ્હી, તા.૨૫

છેલ્લાં કેટલાય સમયથી બેંક કર્મચારીઓ સરકાર પાસે ફાઈવ ડેઝ અ વીકની માંગણી કરી રહ્યા છે અને હવે એેશી આશા સેવાઈ રહી છે કે પહેલી ફેબ્રુઆરીના રજૂ થનારા કેન્દ્રિય બજેટમાં આ અંગેની જાહેરાત કરવામાં આવશે. જો આવું થશે તો બેંકને દરરોજ ૪૦ મિનિટ વધારે કામ કરવું પડશે. હાલમાં બેંક કર્મચારીઓને બીજા અને ચોથા શનિવારે રજા આપવામાં આવે છે.

અઠવાડિયામાં ૫ દિવસ કામ કરવા બાબતે છેલ્લાં કેટલાય સમયથી બેંક એમ્પ્લોઈ એસોસિએશન, આરબીઆઈ અને સરકારી અધિકારીઓ વચ્ચે અનેક ચર્ચાઓ ચાલી રહી છે અને હવે જોવાની વાત એ છે કે સરકાર દ્વારા આ બજેટમાં આ અંગે કોઈ જાહેરાત કરવામાં આવે છે કે નહીં.

અત્યાર સુધી દેશમાં બેંકમાં મહિનાના તમામ રવિવાર તેમ જ બીજા અને ચોથા શનિવારે બંધ રહે છે. બેંક કર્મચારીઓ અને બેંક યુનિયન દ્વારા લાંબા સમયથી ફાઈવ ડેઝ અ વીકની ડિમાન્ડ કરી રહ્યા છે. જો આવું થયું તો આગામી સમયથી બેંકો સોમવારથી શુક્રવાર સુધી જ કામ કરશે અને શનિવાર અને રવિવારના બેંકો બંધ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બેંક કર્મચારીઓ દ્વારા મહિનામાં ૬ રજાને બદલે ૮ રજાની માંગણી કરવામાં આવી રહી છે આ માટે બેંક કર્મચારી યુનિયન અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન વચ્ચે એક સમાધાન થયું છે અને હવે આ આખો કેસ આરબીઆઈ અને સરકાર પાસે પ્રલંબિત છે.

એક અહેવાલમાં કરવામાં આવેલા દાવા અનુસાર જો સરકાર દ્વારા માંગણી મંજૂર કરવામાં આવશે તો બેંકોને દરરોજ ૪૦ મિનિટ વધારે કામ કરવું પડશે. આવી પરિસ્થિતિમાં બેંકો ખૂલવાનો સમય સવારે ૯.૪૫ કલાક રહેશે. હાલમાં બેંક ૧૦ વાગ્યે શરૂ થાય છે અને સાંજે પાંચ વાગ્યા સુધી કામકાજ ચલાવવામાં આવે છે. પરંતુ નવા સુધારિત ટાઈમ પ્રમાણે આ સમય વધીને ૫.૩૦ કલાક થઈ જશે.

જોકે, આ નવા પ્રસ્તાવની ગ્રાહકો પર શું અસર જોવા મળશે એના વિશે વાત કરીએ તો યુનિયનોનું એવું કહેવું છે કે અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરવાને કારણે ગ્રાહકોની સેવા પર ખાસ અસર નહીં જોવા મળે. બેંકો દ્વારા દરરોજ ૪૦થી ૪૫ મિનિટ વધારે કામ કરવું પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મોદી સરકારનાં નાણાં પ્રધાન નિર્મલા સિતારમણ પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૫ના બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. અહીં યા તમારી જાણ માટે કે આ મોદી સરકારના ત્રીજા કાળનું સંપૂર્ણ બજેટ હશે.

# T-20 સીરિઝની બીજી મેચમાં ભારતની ભવ્ય જીત : ઈંગ્લેન્ડને પછાડ્યું



## તિલક વર્માના ૫૫ બોલમાં શાનદાર ૭૨ અણનમ રન : ત્રીજી મેચ ૨૮મીએ રાજકોટમાં

ચેન્નાઈ, તા.૨૫

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની ઝ૨૦ શ્રેણીની બીજી મેચ આજે (૨૫ જાન્યુઆરી) ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમે ઇંગ્લેન્ડને બે વિકેટથી હરાવ્યું હતું. ભારતીય ટીમની જીતના હીરો તિલક વર્મા હતા, જેમણે ૫૫ બોલમાં ૭૨ રનની અણનમ ઈનિંગ રમી હતી, જેમાં ચાર ચોગ્ગા અને પાંચ છગ્ગા સામેલ હતા. આ મેચમાં ઈંગ્લેન્ડે ભારતને જીતવા માટે ૧૬૬ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જે ભારતે ચાર બોલ બાકી રહેતાં હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ભારતીય ટીમે પાંચ મેચની ઝ૨૦ શ્રેણીમાં ૨-૦થી લીડ મેળવી લીધી છે. શ્રેણીની ત્રીજી મેચ ૨૮ જાન્યુઆરીએ રાજકોટમાં રમાશે. બીજી ટી-૨૦માં ભારતીય ટીમની પ્લેઇંગ ૧૧: સંજુ સેમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), તિલક વર્મા, હાર્દિક પંડ્યા, વોશિંગ્ટન સુંદર, ધ્રુવ જુરેલ, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી. બીજી ટી-૨૦માં ઈંગ્લેન્ડની પ્લેઈંગ ૧૧: બેન ડકેટ, ફિલ સોલ્ટ (વિકેટકીપર), જોસ બટલર (કેપ્ટન), હેરી બ્રુક, લિયામ લિવિંગસ્ટોન, જેમી સ્મિથ, જેમી ઓવર્ટન, બ્રાયડન કાર્સ, જોફ્રા આર્ચર, આદિલ રશીદ, માર્ક વુડ.

# આજે ગુજરાતના ૧૧ પોલીસ અધિકારી- જવાનોનું કરાશે સન્માન



રાષ્ટ્રપતિ તેમજ વિશિષ્ટ સેવા પોલીસ ચંદ્રકથી કરશે સન્માન

અમદાવાદ, તા.૨૫

આજે ૨૬ મી જાન્યુઆરીના દિવસે ગુજરાતના ૧૧ પોલીસ અધિકારીઓ તથા જવાનોને મહામહિમ રાષ્ટ્રપતિ એવોર્ડ જાહેર થયા છે. જેમાં ૨ વિશિષ્ટ સેવા પોલીસ ચંદ્રક તથા ૯ પ્રશંસનીય સેવા અંગેના એવોર્ડ છે. જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા (આઈપીએસ) તથા પોલીસ મહાનિર્દેશકની કચેરી ગાંધીનગરમાં ફરજ બજાવતાં દિગ્વિજયસિંહ પથુભા ચુડાસમા - નાયબ પોલીસ અધિક્ષકને વિશિષ્ટ સેવા અંગેના પોલીસ મેડલ (ઙ્જખ) મળમળશે.

જ્યારે પ્રશંસનીય સેવા અંગેના પોલીસ મેડલ (ખજ્ખ) માટે નિલેશ જાજડીયા (આઈપીએસ), ચિરાગ કોરડીયા (આઈપીએસ), અશોકકુમાર રામજીભાઈ પાંડોર, દેવદાસ ભીખાભાઈ બારડ, બાબુભાઈ જેઠાભાઈ પટેલા, હિરેનકુમાર બાબુલાલ વરણવા, હેમાંગકુમાર મહેશકુમાર મોદી, મુકેશકુમાર આનંદપ્રકાશ નેગી, સુરેન્દ્રસિંહ દિલીપસિંહ યાદવના નામ જાહેર થયા છે.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે પ્રજાસત્તાક દિવસે ૯૪૨ જવાનોને મેડલથી સન્માનિત કરવામાં આવશે. પોલીસ, ફાયર, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સ તથા સુધારા સેવાઓના કુલ ૯૪૨ કર્મચારીઓને વિવિધ કેટેગરીમાં વીરતા અને સેવા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. આ મેડલમાંથી ૯૫ વીરતા મેડલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે, પુરસ્કાર મેળવનારાઓમાં પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સના કર્મચારીઓ અને સુધારા સેવાઓમાં કામ કરતા કર્મચારીઓ સામેલ છે.

વીરતા પુરસ્કાર વિજેતાઓમાં વામપંથી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોમાં તહેનાત ૨૮ જવાનો, જમ્મુ કાશ્મીરમાં તહેનાત ૨૮, પૂર્વોત્તરમાં ૩ અને અન્ય વિસ્તારોમાં ફરજ બજાવી રહેલા ૩૬ જવાનોને તેમની વીરતા માટે સન્માનિત કરવામાં આવશે. વીરતા મેડલ જવાનોની અદભૂત કામગીરી કે જેમાં જીવન અને સંપત્તિના રક્ષણ, ગુનાને રોકવા અથવા ગુનેગારોની ધરપકડ સાથે સંકળાયેલી બહાદુરીની કામગીરી માટે આપવામાં આવે છે. જેમાં જે તે કામગીરીમાં અધિકારીની જવાબદારીઓ અને ફરજો અનુસાર જોખમનું મૂલ્યાંકન કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ ચંદ્રક વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે. પ્રશંસનીય કામગીરી માટે મેડલ સંસાધન અને કર્તવ્ય પ્રત્યે સમર્પણમાં તેમની વિશિષ્ટ કામગીરી માટે આપવામાં આવે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## હરિ સ્મરણનાં નિયમનો સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરનો વ્યાપક અર્થ સમજીએ



મિત્રો શુભ સવાર

હે ઈશ્વર

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ એક શુદ્ધ સંકલ્પ માટે પરિવાર સાથે પૂજ્ય બાપુના દર્શને તલગાજરડા ગયાં હતાં, અને જેનાં દર્શન માત્રથી મનની ચંચળતા કે મલિનતા દૂર થઈને હૃદય પવિત્ર ભાવે પુલકિત થાય છે, એ બુદ્ધ પુરુષનાં ચરણોમાં કોટી કોટી વંદન. આજનો માનવી સરળ જીવન ઈચ્છે છે, પણ એની માટેના જે સીધાસાદા બાપુ પ્રયોગ બતાવે છે એ એને કરવા નથી! ટૂંકમાં કોઈ રીતે એને હરિ સ્મરણ કે હરિ ભજન કરવું નથી, પછી શાંતિ કે સરળતા ક્યાંથી આવે? ભજન એટલે ફક્ત હરિગુણ ગાવા એટલું જ નથી! એનો બહુ વિસ્તૃત અર્થ થાય છે. પણ નાનકડો એક અર્થ કે જે કર્મ કે ક્રિયા આપણને હરિ સન્મુખ લાવે અથવા શાંતિ પ્રદાન કરે એ ભજન છે. આજનો માનવી ભલે જુદા જુદા ક્ષેત્રોમાં પોતે પારંગત હોવાનો જે દાવો કરી, અને ખોટો અહમ કરી રહ્યો છે, સ્પષ્ટપણે એ પોકળ સાબિત થાય છે. કારણકે એની દરેક ક્રિયા એને કહેવાતા સુખ એટલે કે શાશ્વત સત્યથી દૂર લઈ જાય છે. બાકી શાંતિ અને શાશ્વત સુખ માટે હરિસ્મરણ એ આ કળિયુગનુ શ્રેષ્ઠ સાધન છે. દિવસ રાત નિયમ રાખી હરિસ્મરણ કરવાનો અનેરો મહિમા છે, અને તામિલનાડુનાં તંજાવુરમાં પૂજ્ય બાપુની કથાનો પ્રારંભ થયો અને વિષય છે માનસ હરિ ભજન! તો આપણે પણ આપણી બુદ્ધિ કક્ષા પ્રમાણે હરિસ્મરણ વિશે થોડી વાત કરીશું.

સ્થૂળ રીતે જોઈએ તો આપણા જે કોઈ દેવ કે ઈશ્વર પ્રત્યે આપણને રુચિ હોય, તેનું એકચિત્ત થઈ સ્મરણ કરવું, તેને હરિસ્મરણ કહેવામાં આવે છે. દાખલા તરીકે અમારા ઈષ્ટદેવ હાટકેશ્વર છે, તો શંકરનાં કોઈ પણ મંત્રનું સ્મરણ, સમય અવધિ પ્રમાણે થાય તે હરિ સ્મરણ. સંસારીઓ સમય અવધિ પ્રમાણે જ આ હરિસ્મરણનો નિયમ લઈ શકે છે.હા એ વાત જુદી છે, કે આનો નિરંતર અભ્યાસ કરવાથી કે નિયમ લેવાથી અંદર અજપા જાપ પણ ચાલે છે, પરંતુ એ આપણી કક્ષા નથી,કારણકે ક્ષણે ક્ષણે અહીં સંસારમાં ચિત ભમતું હોય, ત્યાં આટલી એકાગ્રતા ક્યાંથી આવે, પરંતુ જેને આવતી હોય તેને શત શત નમન. ઘણા માળાનાં મણકા ફેરવી અને હરિ સ્મરણ કરતા હોય છે, ઘણા આંગળીને ટેરવે કે વેઢા ગણીને હરિ સ્મરણ કરતાં હોય છે. ટૂંકમાં સ્મરણમાં પણ ગણતરીનો મહિમા છે,એટલે કે એક માળાના ૧૦૮ મણકા હોય છે, તો એ રીતે જેટલી માળા કરીએ, તેના ગુણ્યા ૧૦૮ કરીએ એટલે જેટલી સંખ્યા થાય તેટલું હરિસ્મરણ થયું કહેવાય, અને નિશ્ચિત સંખ્યાનો આંકડો પૂરો થતાં એ મંત્રનું અનુષ્ઠાન પૂર્ણ થયું એમ પણ કહેવાય છે. દાખલા તરીકે ચૈત્રી નવરાત્રિમાં લોકો સવાલાખ મંત્રનું અનુષ્ઠાન કરતાં હોય છે. તો ત્યારે તે આ સવા લાખ મંત્ર ના નવ દિવસના ભાગમાં વહેંચીને કરતા હોય છે. તો આ થયો હરિસ્મરણનો સ્થૂળ અર્થ.

સામાન્ય રીતે હરિ સમરણ વધે, ત્યારે લોકો એવું કહેતા પણ સંભળાય છે કે તેનું તો ભજન વધ્યું, એટલે કે નિરંતર એની સ્મૃતિમાં જીવન જીવાય છે. બીજી રીતે જોઈએ તો ભજન એ પણ એક ઈશ્વરને સાધવાનો પ્રકાર છે. એટલે કે જે કોઈ જીવનું હરિસ્મરણ વધ્યું હોય અથવા તો સાચી રીતે આ સ્મરણથી ગતી થઈ હોય, તો એ કોઈને કોઈ રીતે એટલે કે, ૨૪ કલાક તો સંસારી જીવ માળા લઈને બેસી ન શકે, તેથી ભજન ગાઈને પણ ઈશ્વર અનુસંધાન કરતો રહે છે. આમાં શરીર અન્ય કોઈ કાર્ય કરતું હોય, પણ અંતરથી મન કે આત્મા તો ઈશ્વર સાથે આ રીતે જોડાયેલું હોય છે. તેથી આ હરિસ્મરણનો સૂક્ષ્મ અર્થ થયો, જેમાં શરીર અને આત્મા બંનેની ક્રિયાઓ જુદી છે. ઘણાં જીવની શરીરની આ અવસ્થા એ અને બુદ્ધિની આ કક્ષાએ આપણે ત્યાં ઘણા બધા ભજનની રચનાઓ પણ થઈ છે. નરસિંહ, મીરાં, તુલસીદાસ, સંત કબીર,સંત રૈદાસ, ભોજા ભગત, ગંગાસતી, બધાનાં ભજનો આજે પણ આપણે ગાઈને ઈશ્વર અનુસંધાન કરતાં આવ્યાં છીએ.

સ્થૂળ અને સૂક્ષ્મ રીતે હરિસ્મરણ હજી વધુ આગળ ગતિ કરે, ત્યારે તે કારણ શરીરને પણ પ્રકાશિત કરે છે. અહીં પ્રભાવિત કરવું એ શબ્દ અયોગ્ય લાગ્યો, કારણ હરિસ્મરણ એ પ્રભાવિત કરનાર નહીં, પણ પ્રકાશિત કરનાર છે.સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર બંનેની ક્રિયા એક થાય, ત્યારે જે રીતે હરિ સ્મરણ થતું હોય તે કારણ શરીરનું હરિસ્મરણ છે.દેખીતી રીતે જોઈએ તો આ કોઈ સંસારીની ઉપલબ્ધિ હોઈ શકે નહીં, કારણ સ્ત્રી હોય કે પુરૂષ બંનેને પોતાના કર્તવ્ય કર્મ તો કરવાના જ હોય છે, ત્યાં ૨૪ કલાક સતત આ રીતે આ ક્રિયાને નિભાવવી બહુ મુશ્કેલ છે. પરંતુ ઈશ્વરનું સતત સ્મરણ કે અનુસંધાન કરતો જે જીવ છે, તેની માટે હવે તે આકાર, મૂર્તિ, કે ચિત્ર, એ સ્વરૂપે ઈશ્વર રહેતો નથી. તેની માટે વિશ્વનો દરેક જીવ ઈશ્વર જ છે, એવી માનસિકતાની ધરા પર આવું થવું શક્ય છે. સીયારામ મય સબ જગ જાની,કે પછી,પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,કે પછી પાયોજી મેને રામ રતન ધન પાયો, આ લખાયું હશે ત્યારે તેઓનો જીવ આવી જ ઉચ્ચ કક્ષામાં ભ્રમણ કરતો હશે. ખરેખર અદ્ભુત અનુભૂતિ કરાવતી શરીરની અવસ્થા, અને બુદ્ધિની કક્ષાનો અદભૂત નજારો ત્યાં રહ્યો હશે, વિચારતાં પણ આલ્હાદક અનુભૂતિ કરાવી જાય છે. એવા બુદ્ધ પુરુષોનાં ચરણોમાં વંદન કરીને, આજે આપણે પણ આજથી કંઈક નવીન રીતે ઈશ્વરને સાધવાનો સંકલ્પ કરીએ, કે જેમાં માત્ર આપણું હિત ના જોતા અન્યનું હિત પણ જોઈએ, અને આપણા પરિવાર સિવાય કોઈ અન્યનાં ભરણપોષણ વિશે વિચારીએ, આપણને જે જે વસ્તુ જોઈએ છે, તે અન્યને પણ જોઈતી હોય, માટે આપણી જરૂરિયાતમાં થોડો કાપ કરીએ, તો આવા નાના મોટા શુદ્ધ સંકલ્પથી આ નવા વર્ષથી ઈશ્વર તરફ આગળ વધીએ, જેથી કરીને વસ્તુના અભાવમાં જીવનારાનાં જીવન સરળ બને અને સાદગીથી આપણા જીવન પણ સરળ બને. આવનારો સમય સામાજિક રીતે સર્વાંગી વિકાસ થાય અને બધાં જ વર્ગના જીવન સરળ બને એવી એક અનોખીને અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારાં આજનાં દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### રાજકોટના સરધાર ગામમાં ઘટનાઃ સોળ વર્ષની બાળા શાળાએથી આવી પછી પગલુ ભરી લીધું

# વસમી વિદાયઃ અગીયારમા ધોરણની વિદ્યાર્થીનીએ ફાંસો ખાઇ લીધો

### નાનો ભાઇ ઘરે પહોંચ્યો ત્યારે સ્કૂલડ્રેસમાં બહેનને લટકતી જોઇ હેબતાઇ ગયોઃ કારણ શોધવા પોલીસ તપાસ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૫**

રાજકોટઃ અલગ અલગ કારણોસર લોકો કાયમને માટે દુનિયામાંથી વસમી વિદાય લઇ લેતાં હોય છે. તેમના આવા પગલા તેમના સ્વજનોને શોકની ગર્તામાં ધકેલી જતાં હોય છે. આ પ્રકારની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. ઘણીવાર વિદ્યાર્થીઓ પણ ભણતરના ભારને કારણે કે પછી અંગત કારણોસર આત્મઘાતી પગલા ભરી લેતાં હોય છે. આવી વધુ એક ઘટના ચોંકાવી ગઇ છે. જેમાં સોળ વર્ષની વિદ્યાર્થીનીએ ગળાફાંસો ખાઇ મોત મીઠુ કરી લીધુ છે. રાજકોટ તાલુકાના સરધાર ગામે બનેલા આ બનાવથી ચકચાર મચી ગઇ છે. સરધાર ગામે રહેતી આ છાત્રા અગીયારમા ધોરણમાં અભ્યાસ કરતી હતી. તેણીએ આ અંતિમ પગલુ શા માટે ભર્યુ? તે અંગે પરિવારજનો વિગત જાણતાં ન હોઇ પોલીસે કારણ જાણવા તપાસનો ધમધમાટ યથાવત રાખ્યો છે. નાનો ભાઇ બહારથી ઘરે આવ્યો ત્યારે જે દ્રશ્ય જોયું તેનાથી તે ડઘાઇ ગયો હતો.

વિદ્યાર્થીની કે વિદ્યાર્થીઓ ઘણીવાર આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતાં હોય છે જેના કારણે વાલીઓ, શાળામાં સાથે ભણતાં બીજા છાત્રો, શિક્ષકગણમાં આઘાત છવાઇ જાય છે. આ દરમિયાન રાજકોટના સરધારમાં રહેતી જોનીશા હરેશભાઇ પાટડીયા નામની સોળ વર્ષની વિદ્યાર્થીનીએ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. શાળાએથી છુટીને આવ્યા બાદ પંખામાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. બનાવ વખતે તેના માતા-પિતા કે ભાઇ કોઇ હાજર નહોતું. નાનો ભાઇ બહારથી ઘરે આવ્યો ત્યારે બહેનને લટકતી જોઇ દેકારો મચાવી મુક્યો હતો. જોનીશાએ આપઘાત કર્યો ત્યારે સ્કૂલ ડ્રેસ પહેરેલો હતો. આ જોતાં તેણે શાળાએથી આવ્યા બાદ તુરંત આ પગલુ ભરી લીધાનું તારણ નીકળ્યું હતું. બનાવને પગલે દેકારો મચી જતાં આસપાસના લોકો ભેગા થઇ ગયા હતાં.



**અન્ય બે બનાવમાં બેભાન હાલતમાં રાજદિપ સોસાયટીના આધેડનું અને ઘરમાં પડી જતાં સિત્તેર વર્ષના વૃધ્ધનું મોત થયું**

આ ઘટનાની જાણ બાદમાં નાના ભાઇએ મજૂરીએ ગયેલા માતા-પિતાને કરતાં તેઓ દોડી આવ્યા હતાં.

બાદમાં કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. તેના ડોક્ટરે જોનીશાને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. આ અંગે પોલીસ કન્ટ્રોલ રૂમ મારફત જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. ભુપતભાઇ વાછાણી અને રાઇટર અજયભાઇ સહિતે ઘટના સ્થળે પહોંચી પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડ્યો હતો. આપઘાત કરનાર જોનીશા એક ભાઇથી મોટી અને માતા-પિતાની એકની એક લાડકી દિકરી હતી. તે ધોરણ-૧૧માં અભ્યાસ કરતી હતી. આપઘાત કયા કારણે કર્યો? તે અંગે પરિવારજનો જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે. અંતિમવિધી બાદ પોલીસ મૃતકના સગા સ્વજનો, સાથે ભણતા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો સહિતના સ્ટાફગણના પણ નિવેદન નોંધે તેવી શક્યતા છે. આ બનાવે સરધાર ગામમાં ચકચાર સાથે શોક ફેલાવી દીધો હતો.

બીજા અપમૃત્યુના બનાવમાં મવડીની રાજદિપ સોસાયટી-૬માં રાજ રાજેશ્વરી મંદિર પાસે રહેતાં સુડતાલીસ વર્ષના કેતનભાઇ વિનોદભાઇ વિસપરા ઘરે બેભાન થઇ જતાં અલગ અલગ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અપાવાયા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિં તેમણે અંતિમશ્વાસ લેતાં સ્વજનોમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર કેતનભાઇ બે ભાઇ અને અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે ફર્નિચર કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. કેન્સરની બિમારી લાગુ પડ્યાનું તેમના સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે આકસ્મીક મૃત્યુની નોંધ કરી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં આટકોટના કૈલાસનગરમાં રહેતાં સિત્તેર વર્ષના નટુભાઇ બધાભાઇ દાફડા નામના વૃધ્ધ બે દિવસ પહેલા ઘરમાં ચાલતાં ચાલતાં પડી જતાં માથામાં મુંઢ ઇજા થતાં પડધરી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિં ગત રાતે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર નટુભાઇ દાફડાને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. તેમને પરેલિસીસની અસર હતી અને વર્ષોથી બિમાર હતાં. ૨૩મીએ સાંજે ઘરમાં ઉભા થઇને ચાલવા જતાં પડી ગયાનું સગાએ જણાવ્યું હતું.

# દસકા પહેલાના હત્યા સહિત ૭ ગુનામાં ફરાર શખ્સ ઝડપાયો

### ગેરકાયદે હથીયારોના છ ગુનાઓમાં વોન્ટેડ હતોઃ શહેર ક્રાઇમ બ્રાંચે મધ્યપ્રદેશથી ઝડપી લીધોઃ રાજકોટ, જુનાગઢ, એટીએસની ટીમ શોધતી હતી

રાજકોટઃ અલગ અલગ ગુનાઓમાં ફરાર હોય અને વર્ષોથી હાથમાં આવતાં ન હોય તેવા આરોપીઓને શોધી કાઢવાની ખાસ ઝુંબેશ અંતર્ગત પોલીસ વર્ષોથી ફરાર શખ્સોને શોધી રહી છે. આ દરમિયાન શહેર ક્રાઇમ બ્રાંચની ટીમે હથીયારના સાત ગુનાઓમાં વોન્ટેડ ચીખલીકર ગેંગના સુત્રધારને મધ્યપ્રદેશથી દબોચી લીધો છે. આ શખ્સ રાજકોટ શહેર, જુનાગઢ અને એટીએસના ચોપડે ગેરકાયદે હથીયારની હેરાફેરીના ગુનાઓમાં વોન્ટેડ હતો. આવા એક બે નહિ પણ દસ દસ ગુનાઓમાં તેનું નામ ખુલ્યા બાદ તે સતત ફરાર હતો.

શહેર ક્રાઇમ બ્રાંચે ચોપન વર્ષના પ્રિતમસિંગ નીમસિંગ ભાટીયા-ચીખલીકરને દબોચ્યો છે. જે તલવાડી (સાલખેડા) કુંડલા ફળીયું, તા. નાનપુર, જી. અલીરાજપુર-મધ્યપ્રદેશનો વતની છે. તેને મધ્યપ્રદેશના ઓસવાડા ખાતેથી ઝડપી લેવામાં સફળતા મળી છે. ક્રાઇમ બ્રાન્ચના ડીસીપી પાર્થરાજસિંહ ગોહીલ અને એસીપી બી.બી.બસીયાની આગેવાની હેઠળની ટીમને નાસતા-ફરતા આરોપી અંગે બાતમી મળી હતી. આ દરમિયાન પ્રિતમસિંગ ભાટીયા મધ્યપ્રદેશના બડવાની જીલ્લાના સેંધવા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં હોવાની ટેકનીકલ અને હ્યુમન સોર્સની બાતમી પરથી એએસઆઇ જલદીપસિંહ વાઘેલા, પોલીસ હેડ કોન્સ્ટેબલ સુભાષભાઇ ઘોઘારી, પોલીસ કોન્સ્ટેબલ ગોપાલભાઇ પાટીલ અને તુલસીભાઇ ચુડાસમાને બાતમી મળતા અત્યંત ચુપકીદીથી પગેરૂ દબાવી ઝડપી લેવાયો હતો.

વધુ માહિતી અનુસાર વર્ષ ૨૦૧૫માં રાજકોટના માલવીયાનગર વિસ્તારની હત્યાના ગુન્હામા વપરાયેલા હથીયારના ગુના સહિત ૭ ગુન્હામાં તે વોન્ટેડ હતો. મહત્વની આ કામગીરીમાં રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર એમ. આર.ગોંડલીયા, એલ.એલ. ડામોર, પીએસઆઇ એ.એન.પરમાર, પીએસઆઇ એમ.કે.મોલીયા સહિતનો સ્ટાફ જોડાયો હતો. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ ક્રાઇમ બ્રાન્ચની ટીમની કામગીરી બીરદાવી હતી. આ પહેલા પણ ક્રાઇમ બ્રાંચે ડબલ મર્ડરના આરોપીને યુપી બિહારથી દબોચી લીધો હતો. જે ઘણા વર્ષોથી પોતાની પત્નિ અને કાકીની હત્યાના ગુનામાં ફરાર હતો. આવા ગુનેગારોને શોધી કાઢવાની વધુ એક સફળતા ક્રાઇમ બ્રાંચને મળી છે.

## જિલ્લામાં ૧૫મા રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી

### બી.એલ.ઓ., કેમ્પસ, એમ્બેસેડર, યુવા મતદારોનું સન્માન પણ કરાયું

રાજકોટ તા.૨૫

સમગ્ર દેશમાં ૨૫મી જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે આજે રાજકોટમાં જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નિમિત્તે વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ગત ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર બી.એલ.ઓ., કેમ્પસ એમ્બેસેડર, યુવા મતદારોનું સન્માન કરવામાં આવ્યું. આ સાથે યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓને પુરસ્કાર આપીને સન્માનિતકરવામાં આવી હતી.રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સવારે ઉજવણીની શરૂઆત થઈ હતી.

### મુંબઈ ૨૬/૧૧ હુમલાના દોષિત હાજર રહેલા

# તહવ્વુર રાણાનું ભારતને પ્રત્યાર્પણ કરવાની મળી મંજુરી

### ભારતને પ્રત્યાર્પણ રોકવા રાણાની અરજી ફગાવતી અમેરિકન સુપ્રીમ કોર્ટ

વોશિગ્ટન, તા.૨૫

મુંબઈ ૨૬/૧૧ આતંકવાદી હુમલાના દોષીત તહવ્વુર રાણાના પ્રત્યાર્પણ મામલે ભારતને મોટી સફળતા મળી છે. યુએસ સુપ્રીમ કોર્ટે શનિવારે તહવ્વુર રાણાનું ભારતને પ્રત્યાર્પણ કરવાની મંજૂરી આપી દીધી છે. તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળનો કેનેડિયન નાગરિક છે. તે મુંબઈ આતંકવાદી હુમલા કેસમાં વોન્ટેડ છે, ભારત લાંબા સમયથી તેના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું છે છે. પ્રત્યાર્પણના ઓર્ડરને રાણાએ નીચલી અદાલતો પડકાર્યો હતો, જ્યાં તે કેસ હારી ગયો હતો. રાણાએ પ્રત્યાર્પણ સામે યુએસ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. ભારતને પ્રત્યાર્પણ રોકવા રાણાને પાસે આ છેલ્લી કાયદાકીય તક હતી. ૧૬ ડિસેમ્બરના રોજ, યુએસ સોલિસિટર જનરલ એલિઝાબેથ બી પ્રીલોગરે સુપ્રીમ કોર્ટને રાણાની અરજી ફગાવી દેવા વિનંતી કરી. રાણાના વકીલ



જોશુઆ એલ ડ્રેટેલે ૨૩ ડિસેમ્બરના રોજ જવાબમાં યુએસ સરકારની ભલામણને પડકારી અને સુપ્રીમ કોર્ટને વિનંતી કરી કે તેમની રિટ સ્વીકારવામાં આવે. ડેવિડ હેડલી સાથે સંબંધઃ

રાણા પર ૨૬/૧૧ ના મુંબઈ હુમલા બાબતે ગંભીર આરોપ છે. તે પાકિસ્તાના આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) ના ડેવિડ કોલમેન હેડલી સાથે સંકળાયેલો હતો, હેડલી મુંબઈ આતંકવાદી હુમલાનો માસ્ટર માઈન્ડ છે. મુંબઈમાં ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં છ અમેરિકનો સહિત કુલ ૧૬૬ લોકો માર્યા ગયા હતા. ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓએ ૬૦ કલાકથી વધુ સમય સુધી શહેરને બાનમાં લીધું હતું.

### લેભાગુઓની જાળમાં અવાર-નવાર ફસાઇ જાય છે સગીરાઓ, યુવતિઓ, મહિલાઓઃ વધુ બે કિસ્સા

# કુંવારો હોવાનું કહી યુવતિને ફસાવી વારંવાર દૂષ્કર્મ

### પત્નિના મેસેજ વાંચી યુવતિએ સંબંધ તોડી નાંખતા ધમકી દીધીઃ બીજા કિસ્સામાં બૂટલેગરે પરણેલી મહિલાને ફસાવી બળાત્કાર ગુજાર્યોઃ દસ લાખ પણ પડાવ્યા!

રાજકોટઃ હવસ ભુખ્યા લેભાગુઓ કોઇપણ રીતે યુવતિ, સગીરા કે મહિલાઓએ ફસાવી લેતાં હોય છે. વધુ એક લેભાગુએ પોતે કુંવારો છે તેવુ ખોટુ કહી એક યુવતિને પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતિએ વિશ્વાસ રાખી તેની સાથે મૈત્રી કરાર પણ કર્યા હતાં. આ દરમિયાન તેણે વારંવાર દૂષ્કર્મ આચર્યુ હતું. એ પછી આ યુવતિ કહેવાતા આ પ્રેમીના ફોનમાં તેની જ પત્નિના મેસેજ જોઇ જતાં ભાંડો ફુટ્યો હતો. આથી તેણીએ લગ્નની વાત કરતાં ના પાડી દીધી હતી અને તે મારી સાથે મૈત્રીકરાર કર્યા છે એટલે સંબંધ રાખવા જ પડશે તેમ કહી હેરાન પરેશાન કરતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો નરોડામાં યુવકે પોતે કુવારો હોવાની વાત કરીને વર્ષ પહેલા પરણીત મહિલાને પ્રેમજાળમાં ફસાવી હતી અને મૈત્રી કરાર કર્યો હતો ત્યારબાદ વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. દરમિયાન પ્રેમિકાએ ફોન ચેક કરતાં આ કહેવાતા પ્રેમીના ફોનમાં તેની પત્નિના મેસેજ જોવા મળતાં તે ચોંકી ગઇ હતી, છેક એક વર્ષ બાદ પ્રેમી પરણીત હોવાનો ભાંડો ફૂટયો હતા. જેથી તેણીએ લગ્નની વાત કરતાં પ્રેમીએ લગ્ન નહિ કરુ પણ આપણી વચ્ચે મૈત્રીકરાર છે એટલે તારે મારી સાથે સંબંધ રાખવા જ પડશે તેમ કહી દબાણ કરી ધમકાવી હતી અને સંબધ તોડી નાખ્યા હતાં. છેતરાયેલી અને શોષણનો ભોગ બનેલી યુવતિએ આંતે પોલીસ ફરિયાદ કરી હતી.

પોલીસે જાહેર કરેલી વિગતો પર નજર કરીએ તો નરોડામાં પરિવાર સાથે રહેતી પચ્ચીસ વર્ષીય મહિલાએ વિસ્તારમાં રહેતા યુવક સામે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે મહિલા પરિણીત છે તેને દોઢ વર્ષનો એક પુત્ર છે. મહિલાને તેના જ વિસ્તારમાં રહેતા આશિક નામના યુવક સાથે એક વર્ષ પહેલા મુલાકાત થઈ હતી. ત્યારબાદ બન્ને વચ્ચે મિત્રતા થઈ હતી અને સમય જતાં પ્રેમ સંબંધ બંધાયો હતો. જ્યારે યુવકે પોતે પણ કુવારો હોવાની વાત કરીને મહિલા સાથે મૈત્રી કરાર કર્યો હતો. પ્રેમજાળમાં ફસાવીને એક વર્ષ સુધી મહિલા સાથે અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું.

બીજી તરફ એક દિવસ પ્રેમિકાએ તેનો મોબાઇલ ચેક કરતાં યુવકની પત્નિના મેસેજ જોયા હતા. મહિલાએ લગ્ન કરવાની વાત કરી તો યુવકે લગ્નનો ઈન્કાર કરી દીધો હતો અને મૈત્રી કરાર કર્યો હોવાથી સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. આથી કંટાળીને મહિલાએ તેની સાથે સંબંધ રાખવાની ના પાડતાં તેણે મહિલા સાથે સંબંધ તોડી નાખ્યો હતો અને લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ ઘટના અંગે પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

દૂષ્ર્મના બીજા એક બનાવમાં નડિયાદમાં



કુખ્યાત બૂટલેગર રઈશ મહીડાએ એક પરિણિતા પર દુષ્કર્મ આચર્યું હતું. હું મોટો ડોન છું, પોલીસવાળા મારું કશું બગાડી નહીં શકે કહી આ મહિલાના દિવ્યાંગ પતિ અને પુત્રને મારી નાખવાની ધમકીઓ આપતો હતો. આટલું જ નહીં પીડિતા પાસેથી અંદાજે રૂપિયા દસ લાખ પણ પડાવ્યા હતા. જેની પોલીસ ફરિયાદ નોંધાતાં પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. છવ્વીસ વર્ષના રઈશ મહીડાની મુલાકાત આ વિસ્તારમાં આવેલા એક પ્રોવિઝન સ્ટોર ચલાવતી બત્રીસ વર્ષીય મહિલા સાથે આજથી થોડાં વર્ષ પહેલાં થઈ હતી. આ રઈશ આ સ્ટોર નજીક બેસતો હોવાથી આ મહિલાના સંપર્કમાં આવ્યો હતો. આ મહિલાના પતિને પેરાલિસિસ થયો હોઈ તેઓ સ્ટોર પર આવતા નહોતા એટલે રઈશ અને મહિલાના સંબંધો વધુ નિકટના બન્યા હતા.

સંબંધની આડમાં આ રહીશ અવારનવાર મહિલાના ઘરે જતો હતો અને તેની સાથે શારીરિક સંબંધો બાંધતો હતો. એ વખતે મહિલાના પતિ હાજર હોવા છતાં તે આ બદકામ કરતો હતો. મહિલાના પતિને લકવાની અસર હોવાથી તે વ્હીલચેરમાં હોય અને મહિલાનો પુત્ર શાળાએ ગયો હોય એ દરમિયાન આ બંને મળતાં હતાં. આ મહિલાએ નડિયાદ પશ્ચિમ પોલીસમાં ગઈકાલે એવી ફરિયાદ આપી છે. જેમાં રઈશ મહીડાએ પોતાની ઓળખ છુપાવી પ્રેમસંબંધ બાંધી અલગ અલગ દિવસોમાં રોકડા રૂપિયા આઠથી દસ લાખ મેળવી પરત આપ્યા નથી. તે તેની દુકાને જઈ સાડી ખેંચી લાફો મારી તેમજ તેના ઘરે જઈ પથ્થર મારી ઘરની બારીનો કાચ તોડી નાખ્યો હતો. તેણે ગાળો બોલી મહિલાના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે તેને ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.

શેર બજારમાં કમાણી કરી લેવાની લાલચ કેટલાયને લઇ ડૂબી છે, વધુ એક લાલબત્તી સમાન કિસ્સો

# બસ્સો ગણો નફો મેળવવાની લાલચ મોંઘી પડીઃ ૩૪ લાખ ગયા

## યુવાનને વ્હોટ્સએપ ગ્રુપમાં જોઇન્ટ થયો એ પછી રોકાણ સામે એપ્લીકેશનમાં એકાવન લાખનો નફો દેખાડાયોઃ પણ નાણા ઉપાડવા પ્રયાસ કરતાં ખબર પડી કે છેતરાઇ ગયા

રાજકોટઃ સાયબર ગઠીયાઓ શેર બજારમાં નફો કરાવી દેવાના નામે રોજ કોઇને ને કોઇને પોતાની જાળમાં ફસાવી નાણા ઉસડી રહ્યા છે. છતાં લોકો જાગતા નથી અને છેતરાઇ જાય છે. વધુ એક બનાવમાં યુવાનને શેર બજારમાં બસ્સો ટકાનો નફો આપવાની લાલચ દઇ સોશિયલ મિડીયાના ગ્રુપમાં જોઇન્ટ કરી ચોત્રીસ લાખનો ચુનો લગાડી દીધો હતો. બીજા એક ઠગાઇના કિસ્સામાં વેપારી સાથે બે કારીગરો કારીગીરી કરી સવા કરોડથી વધુની ઠગાઇ કરી ગયા હતાં. આ બંનેએ બારોબાર કાપડના તાંકા સગેવગે કરી સસ્તા ભાવે વેંચીને રોકડી કરી લીધી હતી!

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શેર બજારમાં રોકાણ કરવાના બહાને લોકો સાથે છેતરપિંડીના પણ એક બનાવ બની રહ્યા છે, ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં અમદાવાદના યુવકે બસ્સો ટકા સુધીનો નફો મેળવવાની લાલચે સોશિયલ મીડિયાના ગ્રુપ મારફતે અજાણ્યા વ્યક્તિના કહેવાથી ચોત્રીસ લાખ એંસી હજાર રૂપિયા ઇન્વેસ્ટ કર્યા હતા જેની સામે મસ્ત મોટો નફો બતાવ્યો હતો, પરંતુ યુવક જ્યારે તે નફાની રકમ ઉપાડવા ગયો. ત્યારે જ રકમ ઉપાડીને હતી અને યુવકને બીજી રકમ ભરવા કહ્યું હતું. આ અંગે યુવકે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

પોલીસે જણાવેલી વધુ વિગતો અનુસાર દાણીલીમડા રહેતા મોહમ્મદ ઈરફાન સીદીકીએ સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમના પર થોડા દિવસ અગાઉ વ્હોટ્સએપ નંબરથી મેસેજ આવ્યો હતો. જેમાં શેર બજારમાં રોકાણ કરવાનું કહ્યું હતું. આ રોકાણ કરવા બદલ ૫૫ ટકાથી બસ્સો ટકા સુધી અલગ અલગ સ્કીમમાં નફો મળશે તેઓ મેસેજ મળ્યો હતો. તેથી તેઓ આ ગ્રુપમાં એડ થયા હતા. ગ્રુપમાં એડ થયા બાદ બીજા લોકોએ પણ પૈસા ઇન્વેસ્ટ કરેલા સ્કીનશોટ મોકલ્યા હતા. જેની સામે મોટો નફો થયો હોય તેના પણ સ્ક્રીનશોટ મોકલ્યા હતા. જેથી ઈરફાન લાલચમાં આવી ગયો અને તેણે શરૂઆતમાં પચાસ હજાર ટ્રાન્સફર કર્યા જેની સામે પચાસ હજાર નફો બતાવતા હતા. ત્યાર બાદ તેણે ૧૮ લાખ રૂપિયા ઇન્વેસ્ટ કર્યા હતા જેની સામે ૧૪.૧૨ લાખ રૂપિયા નફો બતાવતા હતા. વધુ લાલચમાં આવીને ઈરફાને બીજા ૧૬.૩૦ લાખ કર્યા હતા.




ફ્રોડની બીજી ઘટનામાં બે 'કારીગર'ની પેઢી સાથે 'કારીગરી': બારોબાર સવા કરોડનું કાપડ સગેવગે કરી સસ્તામાં વેંચી નાંખ્યું

આ રીતે યુવાને કુલ ૩૪.૮૦ લાખ રૂપિયા ઇન્વેસ્ટ કર્યા હતા જેની સામે એપ્લિકેશનમાં જ ૫૧.૮૯ લાખ રૂપિયા નફો બતાવતો હતો. ઈરફાને જ્યારે પોતાના નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઈરફાનને બીજી રકમ ભરવાનું બતાવતા હતા. તેથી ઈરફાનને જાણ થઈ કે તેની સાથે છેતરપિંડી થઈ છે. સાયબર ક્રાઇમ પોલીસે વધુ એક આવી ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ઠગાઇના બીજા કિસ્સામાં સુરતના લિંબાયત વિસ્તારમાં કાપડના ધંધાથી જોડાયેલા વ્યાપારીને તેમની પેઢીમાં વર્ષોથી કાર્યરત કર્મચારીઓ દ્વારા મોટા પાયે છેતરપિંડીનો ભોગ બનવું પડ્યું છે. ૫૦ વર્ષીય વિઠ્ઠલ ધામેલિયા સાથે કુલ ૧.૩૭ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે. આ કૌભાંડ વર્ષોથી ચાલતું હતું અને વ્યવસાયના હિસાબમાં ગત જાન્યુઆરી મહિનામાં તપાસ દરમિયાન તેનો પર્દાફાશ થયો હતો. વિઠ્ઠલ ધામેલિયા લિંબાયતના નારાયણ નગર ઈન્ડસ્ટ્રીયલ ખાતે યશ વિવિંગ, સુર્યકિરણ વેવ્સ અને આરવી ફેબ્રિક્સ નામે ત્રણ પેઢીઓ ચલાવે છે. તેઓ કાપડના વેપારમાં વર્ષોથી કાર્યરત છે અને સફળ વ્યવસાયના કારણે સદાય લોકોએ તેમને ભરોસાપાત્ર ગણ્યા છે. તેમ છતાં, પેઢીના એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતા બે કર્મચારીઓએ તેમને મોટાપાયે આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. પેઢીના હિસાબનીશ નિમેશ મૈસુરીયા (શાંતિનગર, અડાજણ) અને અતુલ ચોરસીયા (જોલવા, પલસાણા) દ્વારા વર્ષોથી કાપડના ટાંકા મુળ ભાવ કરતાં ઓછા ભાવે બજારમાં વેચી દેવામાં આવતાં હતા.

બંને કર્મચારીઓએ સગેવગે કરેલા માલની જાણ પેઢીના માલિક વિઠ્ઠલ ધામેલિયાને નહોતી, અને તે સતત પોતાના વ્યવસાયના હિસાબ પર ભરોસો રાખતા હતા.૨૦૨૪ના વર્ષ દરમિયાન એમએસએમઇની પેમેન્ટ નીતિમાં ફેરફારો થયા બાદ વિઠ્ઠલભાઈ ધામેલિયાએ પોતાની પાર્ટીઓ પાસેથી હિસાબના ક્રોસ-વેરિફિકેશનની પ્રક્રિયા શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન સ્ટોકમાં ૧.૩૭ કરોડ રૂપિયાના કાપડના ટાંકા ગાયબ હોવાનું સામે આવ્યું. વધુ તપાસમાં જાણવું મળ્યું કે, બંને હિસાબનીશોએ સંકલન કરીને નિયમિત રીતે પેઢીનો માલ સસ્તા ભાવે વેચી દીધો હતો અને તે પૈસા પેઢીના અધિકૃત રેકોર્ડમાં દર્શાવ્યા નહોતા. હિસાબમાં રહેલા વિસંગતતાઓના આધારે વિઠ્ઠલભાઈએ લિંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. નિમેશ મૈસુરીયા અને અતુલ ચોરસીયા વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ હવે બંને આરોપીઓની પુછપરછ કરીને વધુ વિગતો બહાર લાવવા પ્રયાસ કરી રહી છે.

# ડો. હેમાંગ દવેએ કરેલા આંતરડાની સર્જરીના સંશોધનની આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ નોંધ

## ઇન્ટરનેશનલ જર્નલ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ જર્નલમાં પેપર પ્રસિદ્ધ થયું : સિનિયર સર્જન, ગાઈડ ડો. અમરીશ મહેતા તથા ડો.કેતનભ મહેતાનું મળ્યું માર્ગદર્શન



રાજકોટ, તા.૨૫

જામનગરની જી.જી.સરકારી હોસ્પિટલમાં આંતરડામાં થતી અત્યંત દુર્લભ એવા સ્મુધ મસલ (સરળ સ્નાયુ)ની (BENIGN)(કેન્સરની બિનઝેરી ગાંઠ)ની સારવાર તાજેતરમાં કરવામાં આવી હતી.જી.જી.સરકારી હોસ્પિટલમાં એમ.એસ. જનરલ સર્જરી વિભાગમાં રેસિડન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવતા અને રાજકોટના સિનિયર પત્રકાર દેવેન્દ્ર દવેના સુપુત્ર ડો.હેમાંગ દેવેન્દ્રભાઈ દવેએ નાના આંતરડામાં થતી અત્યંત દુર્લભએવી ગાંઠ (LEIOMYOMA)નું નિદાન તથા સારવાર કરી સિનિયર સર્જન- ગાઈડ ડો.અમરીશ મહેતા (એમ.એસ) તથા ડો.કેતન મહેતા (એમ.એસ)ના માર્ગદર્શન હેઠળ આ જટિલ સર્જરીનું રિસર્ચ પેપર પણ તૈયાર કર્યું હતું. આ રિસર્ચ પેપરનો વિસ્તૃત અહેવાલ તથા નોંધ તબીબી જગતના(IJSR)ઈન્ટરનેશનલ જર્નલ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ જર્નલમાં જાન્યુઆરી-૨૦૨૫ની આવૃત્તિમાં વોલ્યુમ ન.૧૪ના પેઈઝ નંબર ૭૪૪ થી ૭૪૬ પર પ્રસિદ્ધ કરતાં ડો.હેમાંગ દવેએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવેલ છે. આવા ગૌરવ બદલ તબીબી જગતના તજજ્ઞ સહિતના લોકોએ તેમને શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા હતા. અત્રે એ નોંધનીય છે કે, જામગરની જી.જી. સરકારી હોસ્પિટલમાં ૬૦ વર્ષિય વ્યક્તિ આંતરડામાં સતત દુ:ખાવાની ફરિયાદ સાથે દાખલ થયા હતા. આ ઓપરેશન આંતરડાના અત્યંત દુર્લભ એવા સ્મુધ મસલ્સ (સરળ સ્નાયુ)ની ગાંઠનું ઓપરેશન હતુ. સીટી સ્કેન કરાતાં આંતરડામાં ગાંઠનુ નિદાન થતા પ્લાન્ડ ઓપરેશન હાથ ધરાયું હતું.

જેનું રિસર્ચ પણ કરાયું હતું. આકરી જહેમત બાદ આંતરડામાં ગાંઠ ધરાવતા થોડો ભાગ કાપી નખાયો હતો. બાકીનો ભાગ એકબીજા સાથે જોડી દેવાયો હતો. જ્યારે ગાંઠની આગળની સઘન તબીબી તપાસ કરતાં ભાગ્યે જ જોવા મળતું કેન્સરની બિનઝેરી ગાંઠ (BENIGN)બિનાઈન ટ્યુમર લેઈઓમયોમાનું નિદાન થતાં આગળની સારવાર હાથ ધરાઈ હતી તેમજ સ્વસ્થ થયા બાદ દરદીને કોઈપણ કોમ્પલિકેશન વગર રજા અપાઈ હતી.

# જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનિષ ચાંગેલાનો આજે જન્મદિવસ



રાજકોટ મિરર, તા. ૨૬ રાજકોટ જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી, મનિષભાઈ ચાંગેલાનો આજે ૨૬મી જાન્યુઆરીએ જન્મદિન છે. પોતાના જીવનના ૫૫ વર્ષ પૂર્ણ કરી આજે તેઓ ૫૬માં વર્ષમાં પ્રવેશ્યા છે. મનિષભાઈ ચાંગેલા સાડા ત્રણ દાયકાથી પાટીદાર સમાજમાં જોડાયેલા છે. ભાજપ સંગઠનમાં વિભિન્ન ઉત્તરદાયિત્વને તેમણે સફળતાથી સંભાળ્યા છે. રાજકોટ જીલ્લા ભાજપના મીડિયા ઇન્ચાર્જ તરીકે ધોરાજી- ઉપલેટા બેઠકના ચૂંટણીના ઇન્ચાર્જ, ઉપલેટા શહેર તાલુકાના પ્રભારી, ધોરાજી. ઉપલેટા ધારાસભા મતવિસ્તારમાં સંગઠનાત્મક જવાબદારી, રાજકોટ જીલ્લા ભાજપના કોષાધ્યક્ષ, ગુજરાત પ્રદેશ ભાજ્ય મીડિયા સેલના સદસ્ય જસદણ વિછીયા અને મોરબી માળિયા વિધાનસભા બેઠકની પેટા- ચૂંટણીમાં સમર્પિત સક્રિયતા સાથે તેમણે કામગીરી કરી છે. અત્યારે તેઓ રાજકોટ જીલ્લ્લા ભાજપના પૂર્વ મહામંત્રી તરીકે ભાજપના સંગઠનને ગ્રામ્ય સ્તર સુધી મજબુત કરવાનું કાર્ય કરી રહ્યાં છે. મનિષભાઈ ચાંગેલાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે યોજેલી સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાની સફળતામાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. અમદાવાદમાં રૂ.૧૫૦૦ કરોડના ખર્ચે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા નિર્માણ થનારા સમાજ સંકુલની કામગીરી અને ઉમિયાધામ-ઉંઝા સંચાલીત અમદાવાદ ઉમિયા કેમ્પસ સોલા ખાતેના રૂ ૩૫૨ કરોડના વિકાસ પ્રોજેકટમાં તેમનું સક્રિય યોગદાન રહ્યું છે. તે જ રીતે ઊંઝા ઉમિયા માતાજી મંદિર સંસ્થાનના કારોબારી સદસ્ય, ઉપરાત ઉમિયાધામ સિદસર તથા ગાંઠીલા ખાતે પણ સેવાઓ આપી ચુક્યા છે. જયારે અમદાવાદમાં આવેલ ૯૦ વર્ષ જૂના કે.પી. વિદ્યાર્થી ભવનમાં સૌરાષ્ટ્રમાંથી એકમાત્ર ટ્રસ્ટી તરીકે સેવા આપી ચૂક્યા છે. આ ઉપરાંત અમદવાદ ખાતે આવેલ સરધાર ધામમાં પણ પોતાની સેવાઓ આપી રહ્યા છે. તેઓને પાટીદાર સમાજ અને ભાજપના લોકો મો.૯૮૨૫૨ ૯૫૧૩૩ અને ૯૭૧૨૯૯૫૧૩૩ પર શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

# જુનાગઢ રેંજ IG નીલેશ જાજડીયાનું આજે રાષ્ટ્રપતિ એવોર્ડથી કરાશે સન્માન



રાજકોટ મિરર, તા.૨૫

ભારત સરકાર દ્વારા દર વર્ષે પોલીસ તંત્રમાં સનિષ્ઠ, સેવા સાથે સફળ ફરજ બજાવનાર અધિકારી અને પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ એવોર્ડ આપીને અદકેરું સન્માન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે ગુજરાત પોલીસ બેડામાં અનેક આઈપીએસ અને રેન્જ આઈજી સાથે પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરાશે. આવા સન્માનમાં જુનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા દ્વારા પણ કાબીલેદાદ ફરજ બજાવી અનેક ગુન્હાના ભેદ ઉકેલીને પોતાની કર્મનિષ્ઠ સેવાના દર્શન પ્રજાને કરાવ્યા છે. ત્યારે તેઓને પણ રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવાનું જાહેર કરવામાં આવતા જુનાગઢના સમગ્ર પોલીસ બેડા ઉપરાંત હિતેચ્છુઓ અને મિત્રો દ્વારા શુભેચ્છાનો વરસાદ વરસાવી રહ્યો છે.

# પદ્મ પુરસ્કાર વિજેતાઓના નામો જાહેર

## કેન્દ્ર સરકારે જાહેર કરેલા નામોમાં કોને કોને મળ્યો એવોર્ડ?

નવી દિલ્હી, તા.૨૫

પ્રજાસત્તાક દિવસ(ગણતંત્ર દિન) પૂર્વે કેન્દ્ર સરકારે શનિવ-ારે(૨૫ જાન્યુઆરી) પદ્મ પુરસ્કારો ૨૦૨૫ના વિજેતાઓના નામની જાહેરાત કરી હતી. આ યાદીમાં અનેક નામી-અનામી પદ્મ પુરસ્કાર વિજેતાઓ છે, જેમાં કુવૈતના યોગ ટ્રેનર અને સફરજન સમ્રાટ હરિમાનનું નામ પણ સામેલ છે.

પદ્મ પુરસ્કાર વિજેતાઓમાં જોયનાચરણ બથારીઃ દીમા હસાઓ નૃત્ય,નરેન ગુરુંગઃ નેપાળી ગીત ગુરુ, વિલાસ ડાંગરેઃ હોમિયોપેથ, સાઈખાય એજે અલ સબાહઃ યોગ, નિર્મલા દેવીઃ સુજનીના વૈશ્વિક દેવી, રાધા બહિન ભટ્ટઃ ગાંધી ઑફ ધ હિલ્સ, સુરેશ સોનીઃ સાબરકાંઠાનો સહયોજક, પાંડી રામ માનવીઃ મુરીયા કે માન, બસ્તર કી શાન, જોનાસ મસેટીઃ બ્રાઝિલના વેદાંત ગુરુ, જગદીશ જોશીલાઃ નિમ-ાડીના નોવાલિસ્ટ, હરવિંદર સિંહઃ કૈથલનો એકલવ્ય, ભેરુ સિંહ ચૌહાણઃ નિર્ગુણ ભક્તિના ભેરુ, વૈકપ્પા અંબાજી સુગાતકરઃ ઘુમંતુ ગુરુ, પી દચ્ચાનામૂર્તિઃ થવિલ થલાઈવા, નિરજા ભાટલાઃ સર્વાઇકલ કેન્સર ક્રૂસેડર, મારુતિ ભુજંગરાવ ચિતમ્પલ્લીઃ મહારાષ્ટ્રના અરણ્ય ઋષિ, ભીમવ્વા દોદાબલપ્પા સિલ્કેયાતારાઃ ગ્રેન્ડ મધર ઑફ ગોંબિયાતા, સેલિ હોલ્કરઃ હોલ્કર વિવર ઑફ હોપ, બતૂલ બેગમઃ ભજનોના બેગમ, વેલૂ આસાન, ગોકુળ ચંદ્રદાસઃ મા દુર્ગોર ઢાકી દાસ, વિજયલક્ષ્મી દેશામાનેઃ હીલિંગ વિધ હોપ, ચૈતરામ દેવચંદ પવારઃ વન કે વનબંધુ, લિબિયા લોબો સરદેસાઈ, પરમાર લવજીભાઈ નાગજીભાઈનો સમાવેશ થાય છે.

લીંબડીના રાજકા ગામના સરપંચનો પચ્ચીસ વર્ષનો પુત્ર લીંબડીની પોતાની પટોળાની ફેક્ટરીથી રવાના થયા બાદ લોહીલુહાણ મળ્યો અને જીવ ગયો

# ફેકટરીથી ઘરે જવા નીકળેલો યુવાન મોતને ભેટયોઃ ખૂનની શંકા

## માથાની ઇજા વાહન અકસ્માતની નહિ પણ કોઇ હથીયારની હોવાની શંકા દર્શાવાતા ફોરેન્સિક પોસ્ટમોર્ટમઃ મૃતકના પિતા સરપંચ હોઇ ચૂંટણી વખતે એક પક્ષ સાથે મનદુઃખ થયું હતું

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૫**

રાજકોટઃ મૃત્યુની અનેક ઘટનાઓ એવી હોય છે જે રહસ્યના આટાપાટા સર્જતી હોય છે. ઘણીવાર આવા બનાવોની તપાસમાં ચોંકાવનારી વિગતો પણ સામે આવતી હોય છે. દરમિયાન લીંબડીના રાજકા ગામના સરપંચના યુવાન પુત્રનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બનાવ હત્યાનો હોવાની શંકા પરિવારજનોએ વ્યક્ત કરતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો. પચ્ચીસ વર્ષનો યુવાન લીંબડીમાં આવેલા પોતાના પટોળાના કારખાનેથી મોટરસાઇકલ હંકારીને રાતે ઘરે જવા નીકળ્યો હતો. એ પછી તે રાજકા ગામના સ્મશાન નજીકથી માથામાં ઇજા સાથે મળ્યા બાદ સારવારમાં મોત થયું હતું. માથામાં જે પ્રકારનો એક જ ઘા હોઇ તે અકસ્માતે નહિ પણ કોઇના પ્રહારથી થયાની શંકા પરિવારે દર્શાવતા અને આ ઘટના હત્યા હોઇ શકે તેવી શંકા કરતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતે વાત કરીએ તો લીંબડાના રાજકા ગામે રહેતો પચ્ચીસ વર્ષનો રવિભાઇ બાબુભાઇ મકવાણા રાતે સાડા આઠેક વાગ્યે લીંબડી ખાતે આવેલા પોતાના પટોડાના કારખાનેથી મોટરસાઇકલ હંકારી રાજકા ગામે પોતાના ઘરે જવા રવાના થયો હતો. ત્યારપછી તે રાજકા ગામના સ્મશાન પાસે લોહીલુહાણ હાલતમાં





જેનું મૃત્યુ થયું તેની આવતીકાલે લગ્નની પહેલી વર્ષગાઠ છેઃ પીરવારમાં કલ્પાંત

મળી આવ્યો હતો. આ બનાવની જાણ ગામલોકો મારફત થતાં પરિવારજનો દોડી ગયા હતાં. રવિભાઇને માથામાં આડો ઘા દેખાયો હોઇ અન તે બેભાન જેવી હાલતમાં હોઇ તુરત જ લીંબડી અને બાદમાં સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ ઇજા તેને વાહન અકસ્માતમાં થઇ કે પછી કોઇના હુમલાને કારણે? તે અંગે પરિવારજનોએ શંકા દર્શાવતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર રવિભાઇ મકવાણા બે ભાઇમાં નાનો હતો. તેના મોટા ભાઇનું નામ પારસભાઇ છે. રવિભાઇના લગ્ન થઇ ગયા હતાં.

અરેરાટી જનક વાત એ છે કે આગામી સત્યાવીસમીએ એટલે કે કાલે સોમવારે જ રવિના લગ્નની પહેલી વર્ષગાંઠ છે. પહેલી વર્ષ ગાંઠના બે દિવસ અગાઉ જ નવોઢાએ પતિને ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો હતો.

મૃતકના પરિવારજનોએ કહ્યું હતું કે રવિભાઇને માથામાં જે ઘા છે તે જોતાં વાહન અસ્કમાતની આ ઇજા જણાતી નથી. કોઇએ હથીયારથી પ્રહાર કર્યો હોય તેવો ઘા જણાયો છે. આથી અમને શંકા ઉદ્દભવતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો છે. રવિભાઇના પિતાનું નામ બાબુભાઇ મુળજીભાઇ મકવાણા અને માતાનું નામ મીનાબેન મકવાણા છે.

શંકાસ્પદ રીતે મોતને ભટેલા રવિભાઇના કુટુંબીઓ, સગાએ વધુમાં વધુમાં જણાવ્યું હતું કે રવિભાઇના પિતા બાબુભાઇ મકવાણા હાલમાં રાજકા ગામના સરપંચ છે અને જનરલ બેઠક પરથી તે ચુંટાયા છે. સરપંચની ચૂંટણી વખતે સામેના પક્ષ સાથે માથાકુટ થઇ હતી. કદાચ આ ખાર રાખી હત્યા કરવામાં આવી હોવાની પણ અમને શંકા છે.

પોલીસે હાલ કેટલાકની પુછતાછ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ આગળ કાર્યવાહી થશે. આ બનાવથી પરિવારમાં અને ગામમાં અરેરાટી વ્યાપી ગઇ છે. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં દલિત સમાજના આગેવાનો ઉમટી પડ્યા હતાં. લીંબડી પોલીસ આ બનાવની તપાસ કરી રહી છે. આ બનાવને પગલે મકવાણા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### અજબ ગજબનો બુકાનીધારી ચોરઃ ચોરી કરી સીસીટીવી કેમેરા સામે જોઇ દસ વખત માફી માંગી!

# બાર લાખ ઉસેડી પછી ચિઠ્ઠી મુકી લખ્યું ભુલ થઇ ગઇ

## શેઠજી માફ કરજો મારી મજબુરી છે એટલે ચોરી કરુ છું, પછી પૈસા પાછા આપી દઇશઃ પોલીસે તપાસ કરી અને સુત્રધાર સહિત બે ચોર પકડાયા

રાજકોટઃ ચોરીના બનાવો તો અવાર-નવાર બનતા હોય છે અને પોલીસ ચોરને પકડી પણ લેતી હોય છે. પરંતુ અમુક ચોર એવા માથાફરેલા હોય છે જે પોલીસને પણ ગોથે ચડાવી દેતાં હોય છે. એક ચોરીનો ભેદ ઉકેલાયો છે તેમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ ચોર ફિલ્મી સ્ટાઇલથી કે વેબ સિરીઝની સ્ટાઇલની ઇન્સ્ટાગ્રામ આઇડીઓ પરથી સાડીના શો રૂમોના સરનામા શોધી રાતે સાગ્રીતને લઇને મોપેડ પર જે તે શો રૂમમાં ચોરીઓ કરવા નીકળી પડતો હતો. લાખો રૂપિયાની ચોરી કરી સાગ્રીતને પોતાને બે લાખ જ મળ્યા છે કહી એક જ લાખ દીધા હતાં. બાદમાં પોતાની પત્નિને હવાઇ માર્ગે વતન રવાના કરી દીધી હતી. પોતે પણ પ્લેન પકડવાનો હતો, એ પહેલા પોલીસે પકડી લીધો હતો. વળી ચોરી કર્યા બાદ જે તે શો રૂમના કારીગર પર શંકા ઉપજે એ માટે સીસીટીવી સામે જોઇ માફી માંગી હતી અને કારીગરના નામે ચિઠ્ઠી લખીને પણ મુકી હતી. બુરખો પહેરીને તે ચોરી કરવા આવ્યો હતો!



વિગતે વાત કરીએ ઉધના વિસ્તારમાં આવેલા રઘુપતિ ફેશન નામના સ્ટોરમાંથીં ૧૧.૮૫ લાખ રૂપિયાની ચોરીનો બનાવ બન્યો હતો. આ ગુનો ઉકેલવા પોલીસ કામે લાગી હતી. સીસીટીવી કેમેરા ચેક કરતાં ચોર બુરખો, બુકાની બાંધીને અંદર ઘુસેલો દેખાયો હતો. ચોરી કર્યા બાદ ચોરે પોતાના હાથથી કોરા કાગળ પર-આપકા કારીગર નામની ચિઠ્ઠી લખી અને ટેબલ પર મૂકી. માત્ર એટલું જ નહીં, પત્ર લખ્યા બાદ આરોપી સીસીટીવી સામે દસ વાર નમીને માફી માગી રહ્યો હતો. શરૂઆતમાં પોલીસે વિચાર્યું કે આ કારીગરે ચોરી કરી હશે. પરંતુ જ્યારે તપાસ આગળ વધી ત્યારે ચોર કોઈ અન્ય નહીં, પરંતુ રીઢો ગુનેગાર નીકળ્યો. પોલીસને ગુમરાહ કરવા માટે કારીગરના નામે પત્ર મૂક્યો હતો અને ચોરી કર્યા બાદ પત્નિને ફલાઈટથી ઓડિશા મોકલી દીધી હતી. તાજેતરમાં ઉધના વિસ્તારમાં આવેલા લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રિયલ ખાતાના રઘુપતિ ફેશન નામના ખાતામાં ચોરી થઈ હતી. ૧૧.૮૫ લાખ રૂપિયાની ચોરીમાં ચોરે બાથરૂમની બારીની લોખંડની જાળી તથા સળીઓ કાપીને અંદર પ્રવેશ કર્યો હતો.

તસ્કરોએ ઓફિસના ટેબલના ખાનાને તોડીને રાખેલા રોકડ રૂપિયા ચોરી કર્યા હતા. સીસીટીવી ફૂટેજમાં ચોર બુરખા પહેરીને સાડાત્રણ મિનિટમાં ચોરી કરીને ભાગતો દેખાયો હતો. પોલીસે ઓફિસની તપાસમાં એક કાગળ શોધ્યો, જેમાં ચોરે પેન્સિલથી લખ્યું હતું સોરી, માફ કરના શેઠ જી, મેરી મજબૂરી હૈં ઇસલિયે કર રહા હૂં, મેરી બીવી કી તબિયત ખરાબ હૈ. હોસ્પિટલ મેં ખર્ચા હો રહા હૈ. હો સકે તો માફ કર દેના. મૈં આપકે પૈસે જલદી ચૂકા દુંગા. માફ કરના, આપકા કારીગર.

**ચોરી બાદ પત્નિને પ્લેન મારફત વતન મોકલી દીધી, પોતે પણ પ્લેન પકડે એ પહેલા પોલીસે પકડી લીધો**

આ પત્ર મળતાં પોલીસને લાગ્યું કે આ ચોરી કારીગરે કરી છે, પરંતુ સીસીટીવી ફૂટેજ અને ટેકનીકલ તપાસમાં જાણવા મળ્યું કે ચોરી બે શખસે કરી હતી. બંને ચોર બાઇકથી દોઢ કિલોમીટર દૂર તર્યા હતા, જેમાં એક બહાર વોચ કરતો હતો અને બીજો બુરખો પહેરીને ઓફિસમાં ચોરી માટે દાખલ થયો હતો. ડીસીપી પિનાકિન પરમારે જણાવ્યું હતું કે મુખ્ય આરોપી લાલા છે, જે ઓડિશાનો રહેવાસી છે. તેણે પોલીસને ગુમરાહ કરવા માટે કારીગરના નામે પત્ર લખ્યો હતો.

લાલા પર અત્યારસુધીમાં બાર જેટલા ગુનાઓ નોંધાયા છે. આરોપી લાલા તેની ઇન્સ્ટાગ્રામ આઇડી પરથી સાડીઓના એડ્રેસ શોધીને રેકી કરતો હતો. તે રાત્રે મોપેડ સાથે સ્કૂલબેગમાં ચોરીનાં સાધનો રાખી નીકળતો હતો અને ગિરીશ નામના સાગરીત સાથે ચોરીને અંજામ આપતો હતો. આ વખતે લાલાએ ૧૧.૮૫ લાખ રૂપિયા ચોરી કર્યા હતા, પરંતુ ગિરીશને માત્ર ૨ લાખ મળ્યા હોવાનું કહી ૧ લાખ રૂપિયામાં સેટ કર્યો હતો. ચોરી કર્યા બાદ લાલાએ પત્નીને ફલાઈટથી ઓડિશા મોકલી દીધી હતી. તે પણ ઓડિશા ભાગી જવાનો હતો, પરંતુ પોલીસે સમયસર તેની ધરપકડ કરી હતી. આમ એક ચોરીનો ભેદ ખુલવા સાથે ચોંકાવનારી અને નવીનત્તમ વિગતો સામે આવી હતી.

### પૂર્વ ધારાસભ્ય સ્વ.મહિપતસિંહ જાડેજાની દ્વિતીય પુણ્યતિથીએ

# ૧લી ફેબ્રુઆરીએ રીબડામાં મહારક્તદાન કેમ્પ

## દાદાએ પ્રગટાવેલી માનવ સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી નાની ઉમરથી જ સેવા કાર્યો કરી રહેલા RAR ફાઉન્ડેશનના રાજદિપસિંહ જાડેજા



રાજકોટ મિરર, તા.૨૫

ગોંડલના પૂર્વ ધારાસભ્ય સ્વ. મહિપતસિંહ ભાવુભા જાડેજાની દ્વિતિય પુલ્યતિથિ નિમિત્તે શ્રી આરએઆર ફાઉન્ડેશન રીબડા, દ્વારા થેલેસેમિયા પીંડેત અને ગંભીર બીમારીથી પીડાતા દદઓ માટે ૧ લી ફેબ્રુઆરી ના શનિવારે રીબડા ખાતે મહિરાજ બજરંગબલી મંદિરની પાછળ મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જીવનની અંતિમ ક્ષણ સુધી લોક્સેવાને વરેલા સ્વ. મહિપતસિંહ જાડેજાની સેવાકીય પ્રવૃત્તિ જેમને ગળથૂથીમાં મળી છે તે રાજદીપસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા(પૌત્ર) દાદાએ પ્રગટાવેલી માનવ સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી નાની ઉમરમાં જ સેવા કાર્યો કરી રહ્યા છે. રાજદિપસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં મહા રક્તદાન




કેમ્પ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રક્તદાનને મહાદાન એટલા માટે કહે છે કે રક્તદાતા એક વખત રક્તદાન કરીને ત્રણ જીવનદાન આપી શકે છે,આ એક એવું દાન છે

કે દાન આપનાર ને અભિમાન નથી થતું અને સ્વીકારનારને તેનો સંકોચ નથી થતો. રક્તએ એવી જીવનરક્ષક દવા છે જે કોઈ ફેક્ટરીમાં નથી બનતું,

પરંતુ માનવ શરીર જ એની ફેક્ટરી છે. રક્તની જરૂરિયાત અને પુરવઠા વચ્ચે મોટો તફાવત રહેતો હોવાથી રક્તની સતત અછત વર્તાતી હોય છે.

દેશમાં દર બે સેકન્ડે કોઈ ને કોઈને લોહીની જરૂર પડે છે, તેથી દરરોજ ૩૮ હજારથી વધુ લોકોને રક્તદાનની જરૂર પડે છે. સ્કતદાનની સ્થિતિ ગંભીર હોવા પાછળનું સૌથી મોટું

કારણ લોકોમાં રક્તદાનની જાગૃતિનો અભાવ છે. લોકો નથી જાણતા કે રક્તદાન કરવાથી રક્તદાતાના સ્વાસ્થ્ય લાભ પણ અનેક લાભ મળે છે. અંતમાં રાજંદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે, સ્વ. દાદા મહિપતસિંહ જાડેજાની પ્રથમ પુણ્યતિથિમાં રક્તદાન માટે એટલો ઉત્સાહ જોવા મળ્યો હતો કે રક્તદાતાઓએ કલાકો સુધી લાઇનમાં ઉભા રહીને રક્તદાન કર્યું હતું. તેમજ ૫ હજાર લોકોએ દેહદાનનો સંકલ્પ લીધો હતો. સ્વ.ની બીજી પુણ્યતિથિ નિમિત્તે યોજાનાર રક્તદાન કેમ્પમાં રક્તદાન માટે અસંખ્ય રક્તદાતોએ રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરી રહ્યા છે. આ વર્ષ ગત વર્ષ કરતા પણ વધુ યુનિટ એકત્ર કરી બ્લડ બેંકને અર્પણ કરશે તેવો આશાવાદ વ્યક્ત કરી રક્તદાતાઓએ રકતદાન કેમ્પમાં ઉમટી પડવા અનુરોધ કર્યો છે.



# આઠ ગુનામાં સામેલ છાપેલ કાટલા જેવો 'કાંચો' પાસા તળે થયો જેલભેગો

## પોલીસ કમિશનરે વોરન્ટ ઇશ્યુ કરતાં ભક્તિનગરના પીઆઇ એમ. એમ. સરવૈયાની ટીમે વરોન્ટ બજવણી કરી

રાજકોટઃ શહેરમાં અલગ અલગ પ્રકારની ગુનાખોરી આચરતા શખ્સોને સમયાંતરે પોલીસ કમિશનર પાસાના શસ્ત્ર થકી અલગ અલગ જેલમાં ધકેલી દે છે. આવા વધુ એક છાપેલા કાંટલા સમાન નેપાળી શખ્સને જેલમાં મોકલી દેવાયો છે. શહેરમાં ગુનાખોરી કાબુમાં રહે અને ગુનેગારોને પણ સબક મળે તે માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા પાસાની કાર્યવાહી કરે છે. આ અંતર્ગત વધુ એક આવા શખ્સને પાસા તળે જેલમાં મોકલ્યો છે. ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ વીર નર્મદ ટાઉનશીપ બ્લોક નં. સી-૫૦૧માં રહેતાં ચોવીસ વર્ષના દિનેશ ઉર્ફ કાંચો સંજયભાઇ ટમટા નામના નેપાળી શખ્સને પાસા હેઠળ અમદાવાદ જેલમાં મોકલી દેવાયો છે.



પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર દિનેશ ઉર્ફ કાંચોને પાસામાં ધકેલવા માટે જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી આર. એસ. બારીયાના માર્ગદર્શન હેઠળ ભક્તિનગર પોલીસે દરખાસ્ત તૈયાર કરી હતી. જે પોલીસ કમિશર બ્રજેશકુમાર ઝાએ મંજુર કરી હતી. દિનેશ ઉર્ફ કાંચા વિરૂધ્ધ અગાઉ યુનિવર્સિટી, ભક્તિનગર, એ-ડિવીઝન, ડીસીબી પોલીસ સ્ટેશનમાં મારામારી, તોડફોડ, ધાકધમકી, જાહેરનામા ભંગ, દારૂ, હત્યાની કોશિષ, હુમલો કરવા સહિત ૯ ગુના નોંધાઇ ચુક્યા છે. ભકિતનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીસીબી પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. એન. વસાવા, એએસાઇ નિલેષભાઇ મકવાણા, ભરતભાઇ મારકણા, હેડકોનસ. પ્રભાતભાઇ મૈયડ, કોન્સ. અરજણભાઇ પરમાર, દેવજીભાઇ પંકુટા, હોમગાર્ડ હાર્દિકભાઇ પીપળીયા અને પીસીબીના રાજુભાઇ દહેકવાલ તથા ઇન્દ્રજીતસિંહ સિસોદીયાએ વોરન્ટ બજવણીની આ કામગીરી કરી હતી. અગાઉ પણ આવા અલગ અલગ ગુનામાં સામેલ શખ્સોને પાસાના શસ્ત્રથી અલગ અલગ જેલમાં મોકલાયા હતાં.

# સજાના વોરન્ટ નીકળ્યા બાદ છૂમંતર થઇ ગયેલા બે શખ્સને દબોચી લેવાયા

## યુનિવર્સિટી પોલીસની ટીમે રોહિત અને ઇમ્તિયાઝને પકડી કોર્ટહવાલે કર્યા

અમુક આરોપીઓ એવા હોય છે જે પોતાને કોર્ટ મારફત સજા પડતાં જ ફરાર થઇ જતાં હોય છે. સજાના વોરન્ટ નીકળ્યા બાદ ફરાર થઇ જતાં આવા શખ્સોને શોધવા અલગ અલગ પોલીસ સ્ટેશના દ્વારા ખાસ ઝુંબેશ યોજાતી હોય છે અને આવા શખ્સોને શોધી કાઢી કોર્ટ હવાલે કરવામાં આવતાં હોય છે. દરમિયાન યુનિવર્સિટી પોલીસની ટીમે બે શખ્સોને પકડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો રૈયાધાર મફતીયાપરામાં દશામાના મંદિર પાસે રહેતા કાનો ઉર્ફ રોહિત રમેશભાઇ રાઠોડ નામના રિક્ષાચાલકને ફોજદારી કેસમાં સજા પડી હતી. પરંતુ તે ભાગતો ફરતો હોઇ તેને પકડી લેવાયો હતો. આ ઉપરાંત જામનગર રોડ શેઠનગર બ્લોક નં. ૫૨૦માં રહેતા ઇમ્તીયાઝખાન મહમદસુલેમાન સૈયદને પણ ફોદારી કેસમાં સજા પડ્યા બાદ તે ફરાર હતો. આ બંનેને ડી. સ્ટાફના હેડકોન્સ. પ્રતાપસિંહ મોયા, જીજ્ઞેશભાઇ મારૂ, કોન્સ. વનરાજભાઇ લાવડીયાની બાતમી પરથી પકડી લેવાયા હતાં. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઇની સુચના અંતર્ગત



પીઆઇ એચ. એન. પટેલ અને ટીમના જગમાલભાઇ ખટાણા, વીરદેવસિંહ જાડેજા, મહિપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ ઝાલા, ક્રિપાલસિંહ ઝાલા, વિજુભા જાડેજા, કોન્સ. દિવ્યજરાસિંહ જાડેજા, ગોપાલસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. સજા પડ્યા બાદ ફરાર શખ્સો એવુ વિચારતા હોય છે કે હવે પોલીસ પકડી નહિ શકે.

પરંતુ પોલીસ ધારે તો ધરતીના કોઇપણ છેડેથી ગુનેગારને શોધી લેતી હોય છે.

## અભિનંદનનો વરસાદ

# શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાને મળ્યો રાષ્ટ્રપતિ એવોર્ડ

### નવ્વાણુંની બેચના IPS બ્રજેશકુમાર ઝાને તેમની કાબીલેદાદ સેવા બદલ અગાઉ પણ રાષ્ટ્રપતિ મેડલથી કરાયા હતાં સન્માનીત

રાજકોટઃ શહેર પોલીસની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું છે. શહેર પોલીસના વડા એટલે કે પોલીસ કમિશનરશ્રી બ્રજેશકુમાર ઝાને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવતાં તેમને સતત શુભેચ્છાઓ મળી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસારદર વર્ષે પ્રજાસત્તાક પર્વ અંતર્ગત અલગ અલગ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવે છે. આ અંતર્ગત રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાનું રાષ્ટ્રપતિ એવોર્ડ માટે નામ જાહેર થયું છે. બ્રજેશકુમાર ઝા ૧૯૯૯ની ગુજરાત કેડરમાં આઇપીએસ કેડર તરીકે જોડાયા હતાં. તેઓએ એમએસસી કેમેસ્ટ્રીનો અભ્યાસ કર્યો હતો. બનાસકાંઠાના એએસપી તરીકે સૌપ્રથમ ફરજમાં જોડાયા બાદ એએસપી અમદાવાદ તરીકે પણ નિમણુંક મેળવી હતી.

ત્યારબાદ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસનું પ્રમોશન મળ્યા બાદ જીલ્લા પોલીસ વડા નર્મદા, જીલ્લા પોલીસ વડા પંચમહાલ, જીલ્લા પોલીસ વડા સુરત રૂરલ તથા ડીસીપી ઝોન-૨ અમદાવાદ, ડીસીપી ઝોન-૧ અમદાવાદ તેમજ સીએમ સિક્યુરીટીના એસપી તરીકે ફરજ બજાવી હતી. ડીઆઇજી તરીકે બઢતી મેળવી તેમણે જુનાગઢ રેન્જ અને આર્મ્ડ યુનિટ ગાંધીનગર ખાતે પણ ફરજ બજાવી હતી. આઇજીપી પદે નિયુક્ત થયા બાદ આર્મ્ડ યુનિટ ગાંધીનગર, આઇજીપી પંચમહાલ, સેક્રેટરી ગૃહ વિભાગ-ગાંધીનગર, આઇજીપી (એડમીનસ્ટ્રેશન ગાંધીનગર) અને જોઇન્ટ પોલીસ કમિશનર સેક્ટર-૨ અમદાવાદ ખાતે ફરજ બજાવી હતી. એડીશનલ ડીજીપીનું પ્રમોશન મળ્યા બાદ તેઓને સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ સેક્ટર-૨ અમદાવાદ તરીકે નિમણુંક મળી હતી. હાલમાં તેઓ રાજકોટ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમની ઉત્કૃષ્ઠ ફરજ બદલ ૨૦૧૫માં તેમને રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતાં. ૨૦૨૦માં ડીજીપી ડીસ્ક સિલ્વર મેડલ અને ૨૦૨૨માં ડીજીપી ડીસ્ક ગોલ્ડ મેડલથી પણ તેઓ સન્માનીત છે. આજે તેમની સફળ કામગીરીમાં વધુ એક છોગુ ઉમેરાયુ છે. પોલીસ કમિશનર ઝાને સતત શુભેચ્છાઓ મળી રહી છે. રાજકોટઃ શહેર પોલીસની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું છે. શહેર પોલીસના વડા એટલે કે પોલીસ કમિશનરશ્રી બ્રજેશકુમાર ઝાને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવતાં તેમને સતત શુભેચ્છાઓ મળી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસારદર વર્ષે પ્રજાસત્તાક પર્વ અંતર્ગત અલગ અલગ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવે છે. આ અંતર્ગત રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાનું રાષ્ટ્રપતિ એવોર્ડ માટે નામ જાહેર થયું છે. બ્રજેશકુમાર ઝા ૧૯૯૯ની ગુજરાત કેડરમાં આઇપીએસ કેડર તરીકે જોડાયા હતાં. તેઓએ એમએસસી કેમેસ્ટ્રીનો અભ્યાસ કર્યો હતો. બનાસકાંઠાના એએસપી તરીકે સૌપ્રથમ ફરજમાં જોડાયા બાદ એએસપી અમદાવાદ તરીકે પણ નિમણુંક મેળવી હતી. ત્યારબાદ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસનું પ્રમોશન મળ્યા બાદ જીલ્લા પોલીસ વડા નર્મદા, જીલ્લા પોલીસ વડા પંચમહાલ, જીલ્લા પોલીસ વડા સુરત રૂરલ તથા ડીસીપી ઝોન-૨ અમદાવાદ, ડીસીપી ઝોન-૧ અમદાવાદ તેમજ સીએમ સિક્યુરીટીના એસપી તરીકે ફરજ બજાવી હતી. ડીઆઇજી તરીકે બઢતી મેળવી તેમણે જુનાગઢ રેન્જ અને આર્મ્ડ યુનિટ ગાંધીનગર ખાતે પણ ફરજ બજાવી હતી. આઇજીપી પદે નિયુક્ત થયા બાદ આર્મ્ડ યુનિટ ગાંધીનગર, આઇજીપી પંચમહાલ, સેક્રેટરી ગૃહ વિભાગ-ગાંધીનગર, આઇજીપી (એડમીનસ્ટ્રેશન ગાંધીનગર) અને જોઇન્ટ પોલીસ કમિશનર સેક્ટર-૨ અમદાવાદ ખાતે ફરજ બજાવી હતી. એડીશનલ ડીજીપીનું પ્રમોશન મળ્યા બાદ તેઓને સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ સેક્ટર-૨ અમદાવાદ તરીકે નિમણુંક મળી હતી.

હાલમાં તેઓ રાજકોટ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમની ઉત્કૃષ્ઠ ફરજ બદલ ૨૦૧૫માં તેમને રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતાં. ૨૦૨૦માં ડીજીપી ડીસ્ક સિલ્વર મેડલ અને ૨૦૨૨માં ડીજીપી ડીસ્ક ગોલ્ડ મેડલથી પણ તેઓ સન્માનીત છે. આજે તેમની સફળ કામગીરીમાં વધુ એક છોગુ ઉમેરાયુ છે. પોલીસ કમિશનર ઝાને સતત શુભેચ્છાઓ મળી રહી છે.



### ૪ દિ' જંગલમાં ચાલ્યા, ભાડાના બાઇક પર સફર કાપી બાંગ્લાદેશથી કોલકત્તામાં ઘુસ્યા, ત્યાંથી ટ્રેન મારફત અમદાવાદ થઇ રાજકોટ, પડધરી પહોંચ્યાઃ બંનેનો ખરેખર ઇરાદો શું? તેની તપાસ સેન્ટ્રલ આઇબી પણ કરશે

# રાજકોટના રંગપરમાંથી મહિલા સહિત ત્રણ બાંગ્લાદેશી ઘૂષણખોર ઝબ્બે

### રૂરલ એસઓજી-એએચટીયુની ટીમનું સંયુક્ત ઓપરેશનઃ બંને શખ્સ બે મહિનાથી ભાડાની રૂમમાં રહી પડધરીની પ્લાસ્ટીકની ફેક્ટરીમાં નોકરીએ લાગી ગયા'તાઃ રૂમ અને નોકરી અપાવવામાં બાંગ્લાદેશી હીના અને તેના મિત્રએ મદદ કરી હતીઃ હીના, સોહિલહુશેન અને રીપોનહુશેનની ઝીણવટભરી પુછતાછ

રાજકોટઃ પ્રજાસત્તાક દિવ છવ્વીસમી જાન્યુઆરીના આગલા દિવસે જ રાજકોટ રૂરલ એસઓજી અને એન્ટી હ્યુમન ટ્રાફિકીં યુનિટની ટીમે ચોક્કસ બાતમીને આધારે પડધરીના રંગપર ગામે એક મકાનમાં ત્રાટકી બે બાંગ્લાદેશીને દબોચી લીધા હતાં. તેમજ આ બંનેને અહિ સુધી પહોંચવામાં મદદ કરનાર અને અગાઉ ઘૂષણખોરી કરીને પડધરીના ચણોલમાં રહેતી બાંગ્લાદેશી મહિલાને પણ પકડી લેવાઇ છે. તે એક સ્થાનિક શખ્સ સાથે મૈત્રીકરારથી રહેતી હતી. એક તરફ બાંગ્લાદેશમાં ભારતીયો પર હુમલા અને હિન્દુ મંદિરોમાં તોડફોડની ઘટનાઓ બની રહી હોઇ વિશ્વભરમાં ચકચાર મચી છે ત્યારે રાજકોટ જીલ્લાના પડધરી તાબેના રંગપર ગામેથી બે બાંગ્લાદેશી ઘૂષણખોરોને ઝડપી લઇ ઘનીષ્ઠ પુછપરછ હાથ ધરી છે. જંગલ માર્ગે થઇ આ બંને ભારતમાં ઘુસી પડધરીના રંગપર સુધી પહોંચી અન્ય એક શખ્સના ભાડાકરારને આધારે રૂમમાં ભાડેથી રહી પડધરીની પ્લાસ્ટીકની મોટી ફેક્ટરીમાં નોકરીએ જોડાઇ ગયા હતાં. ચોકાવનારી આ ઘટનાની વિગતો જોઇએ તો ઝડપાયેલા બંને બાંગ્લાદેશી ઘૂષણખોરો હાલ તો મજુરી કરવા આવ્યાનું રટણ કરે છે. તેનો કોઇ અન્ય ઇરાદો તો નહોતો ને? આ સહિતની ઝીણવટભરી તપાસ શરૂ થઇ છે. સેન્ટ્રલ આઇબીની ટીમ પણ આ તપાસમાં સામેલ થશે. આજે રવિવારે પ્રજાસત્તાક દિનની ઉજવણી થઇ રહી છે તેના આગલા દિવસે રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ, રૂરલ એસપી હિમકરસિંહે રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં સુલેહશાંતી જળવાઇ રહી અને કોઇ શંકાસ્પદ શખ્સો હોય તો તેને શોધી કાઢી પુછતાછ કરવા સુચના આપી હોઇ તે અંતર્ગત રાજકોટ જીલ્લા એસઓજીની ટીમ અને એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમ સતર્ક બની હતી. આ દરમિયાન હેડકોન્સ. મયુરભાઇ વીરડા અને મનોજભાઇ બાયલને પાક્કી માહિતી મળી હતી કે પડધરીના રંગપર ગામના પાટીયા પાસે આવેલી મારૂતિ સોસાયટીના બ્લોક નંબર-૩માં બે શખ્સો ભાડેથી રહે છે અને તે ભારતના નાગરિક નથી. આ માહિતીને આધારે એએચટીયુ પોલીસ ઇન્સ્પેક્ટર એમ. જે. ચૌધરી, રૂરલ એસઓજી પોલીસ ઇન્સપેક્ટર એફ એ. પારગી, પીએસઆઇ બી. સી. મિયાત્રા સહિતની ટીમ રંગપરની મારૂતિ સોસાયટીમાં બાતમી મુજબના મકાને પહોંચી હતી. જ્યાં બે શખ્સ હાજર હોઇ તેની ઓળખ માંગતા બંને ભારતીય નાગરિક તરીકેના કોઇ આધારપુરાવા આપી શકયા નહોતાં. વિશેષ પુછતાછ થતાં પોતે બાંગ્લાદેશી હોવાનું અને પોતાના નામ સોહિલહુશેન યાકુબઅલી (મુળ મોનીરામપુર જોસર થાના મોનીરાપુર, રાજધાની ઢાકા-બાંગ્લાદેશ) તથા રીપોનહુશેન અમીરૂલઇસ્લામ (મુળ વતન મોનીરામપુર, થાના મોનીરાપુર જી. જોસર રાજધાની ઢાકા-બાંગ્લાદેશ) જણાવ્યા હતાં. જેમાં સોહિલહુશેન ત્રીસ વર્ષનો છે અને રીપોનહુશેન અઠ્ઠાવીસ વર્ષનો છે. ઝડપાયેલા બંને બાંગ્લાદેશી શખ્સ હાલ રંગપરના પાટીયે મારૂતિ સોસાયટીમાં આવેલા ભુપતભાઇ ભરવાડના મકાનમાં ભાડેથી રહેતા હતાં. બંનેએ પુછપરછમાં કહ્યું હતું કે બે મહિના પહેલા બાંગ્લાદેશથી ઘૂષણખોરી કરીને તેઓ અહિ સુધી પહોંચ્યા છે. તેઓ માત્ર મજૂરી કરવા જ આવ્યાનું અને હાલ પડધરીની પ્લાસ્ટીકની ફેક્ટરીમાં નોકરી કરતાં હોવાનું કહ્યું હતું. આ ભાડાનું મકાન બંનેને હાલ પડધરીના ચણોલ ગામે પ્રદિપસિંહ નામના શખ્સ સાથે રહેતી હીના ખુરશીદઆલોમ બિશ્વાસ નામની ચોત્રીસ વર્ષની મહિલા અને તેના પુરૂષ મિત્રએ અપાવ્યું હોઇ પોલીસે હીનાને પણ પુછતાછ માટે ઉઠાવી લીધી હતી. તેણી પણ દોઢેક વર્ષ પહેલા ઘૂષણખોરી કરીને પડધરી આવી હોવાની વિગતો ખુલી છે. ઝડપાયેલા આ બંને બાંગ્લાદેશી ખરેખર મજૂરી કરવા જ આવ્યા હતાં કે પછી બીજો કોઇ ઇરાદો હતો? તેની પણ તપાસ થશે. હીના અને તેના મિત્રએ જ બંનેને ભાડાના મકાનની અને નોકરીની વ્યવસ્થા કરી આપી હતી. તપાસ પુરી થયા બાદ ગુનો નોંધવા સહિતની કાર્યવાહી જરૂર જણાયે થઇ શકે છે. રૂરલ પોલીસે હાલ બંનેને નજરકેદ રાખ્યા છે. રાજ્યના પોલીસ વડા અને સેન્ટ્રલ આઇબીને પણ જાણ કરવામાં આવી છે. રેન્જ આઇજી અશોકકુમાર યાદવ, રૂરલ એસપી હિમકરસિંહની સુચના અંતર્ગત રૂરલ એસઓજી પોલીસ ઇન્સ્પેક્ટર એફ. એ. પારગી, એએચટીયુ પોલીસ ઇન્સ્પેક્ટર એમ. જે. ચૌધરી, રૂરલ એસઓજી પીએસઆઇ બી. સી. મિયાત્રા, પી.બી. મિશ્રા, એએસઆઇ અતુલભાઇ ડાભી, જયવિરસિંહ રાણા, અમિતભાઇ કનેરીયા, ઇન્દ્રસિંહ જાડેજા, સંજયભાઇ નિરંજની, હેડકોન્સ. વિજયભાઇ વેગડ, શિવરાજભાઇ ખાચર, હિતેષભાઇ અગ્રાવત, અરવિંદભાઇ દાફડા, પ્રહલાદસિંહ રાઠોડ, કોન્સ. વિજયગીરી ગોસ્વામી, ચિરાગભાઇ કોઠીવાર, રઘુભાઇ ઘેડ, એએચટીયુના હેડકોન્સ. મયુરભાઇ વીરડા, મનોજભાઇ બાયલની ટીમે આ કામગીરી કરી હતી. તપાસમાં વધુ વિગતો બહાર આવવાની પોલીસને આશા છે. વધુ વિગતો જોઇએ તો ઝડપાયેલા બંને બાંગ્લાદેશી ઘૂષણખોર સોહિલહુશેન અને રીપોનહુશેન ભારતમાં કઇ રીતે ઘુસ્યા? તેની પ્રાથમિક પુછતાછ કરવામાં આવતાં બંનેએ કબુલ્યું હતું કે બે મહિના પહેલા પોતે મજુરી કરવાના ઇરાદા સાથે બાંગલાદેશથી જંગલ માર્ગે રવાના થયા હતાં. જ્યાં બાંગ્લાદેશી એજન્ટો પૈસા લઇ જે લોકો ભારત જવા ઇચ્છતા હોઇ તેની ઘૂષણખોરી કરાવે છે. પોતે પણ પૈસા ચુકવ્યા હતાં. જંગલનો ભાર્ગ અતિ વિકટ છે. ચાર દિવસની સફર બાદ કોલકત્તા બોર્ડર સુધી પહોંચે છે અને બાદમાં ભારતમાં ઘુસે છે. બંને બાંગ્લાદેશીએ કબુલ્યું હતું કે એજન્ટો દ્વારા જંગલનો થોડોઘણો રસ્તો કાપવા માટે ભાડાના બાઇક પણ અપાય છે. બાકીની સફર પગપાળા કાપવી પડે છે. ચોથા દિવસે ભારતમાં ઘુસાડી દેવામાં આવે છે. બંને આ રીતે કોલકત્તામાં ઘુસ્યા બાદ ત્યાંથી હાવડા એક્સપ્રેસ ટ્રેનમાં બેસી અમદાવાદ અને અમદાવાદથી બીજી ટ્રેન પકડી રાજકોટ પહોંચ્યા બાદ પડધરીમાં રહેતો શખ્સ બંનેને રંગપર લઇ ગયો હતો અને મકાન ભાડેથી અપાવ્યું હતું. સોહિલહુશેન કુંવારો છે અને રીપોનહુશેન પરણેલો છે. આ બંને માત્ર મજૂરી કરવાના ઇરાદે જ આવ્યા હતાં કે પછી બીજા કોઇ ઇરાદાઓ હતાં? તેની પણ ઉંડાણપુર્વક તપાસ શરૂ થઇ છે.




## દુઃખદ અવસાન - બેસણું



# સ્વ. વિજયસિંહ અનિરુધ્ધસિંહ ઝાલા

સ્વ. તા. ૨૫/૦૧/૨૦૨૫ શનિવાર પોષ વદ અગિયારસ

મુળ ગામ સમલા (જી. સુરેન્દ્રનગર) હાલ રાજકોટ વિજયસિંહ અનિરુધ્ધસિંહ ઝાલા (ઉ.વ.૫૧)નું તા. ૨૫-૧-૨૦૨૫ના દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૭-૧-૨૫ને સોમવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસ્થાન શકિતકૃપા, રેલનગર -૨, શેરી નં.૯, આનંદ સ્કુલ પાછળ રાજકોટ ખાતે રાખેલ છે.

લી.

સ્વ. હેતુભા કાયુભા ઝાલા
સ્વ. સજુભા હેતુભા ઝાલા
સ્વ. અનિરુધ્ધસિંહ હેતુભા ઝાલા
સ્વ. ધર્મેન્દ્રસિંહ સજુભા ઝાલા
સ્વ. કૃષ્ણસિંહ અનિરુધ્ધસિંહ ઝાલા

પરમવિરસિંહ વિજયસિંહ ઝાલા (સુપુત્ર)
પ્રિયાબા લક્કીરાજસિંહ જાડેજા (સુપુત્રી)
હર્ષદિપસિંહ કૃષ્ણસિંહ ઝાલા (ભત્રીજા)
ખુમાનસિંહ છોટુભા જાડેજા (બનેવી સાહેબ)
લક્કીરાજસિંહ જગદીશસિંહ જાડેજા (જમાઇ)
દુષ્યંતસિંહ ખુમાનસિંહ જાડેજા (ભાણુભા)

નરેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા (અકિલા)